
# અધ્યાત્મ

વર્ષ : ૯
અંક : ૧૨
સપ્ટેમ્બર : ૧૯૮૮



## * સદ્ભાવભરી ભેટ *

સદ્ભાવભરી ભેટના પ્રવાહે અધ્યાત્મ માસિકને વાર્ષિક લવાજમ વધાર્યા સિવાય ટકી રહેવાની સંજીવની પૂરી પાડી છે; એમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. માશ્રી સર્વેશ્વરીની શક્તિઓ જ કારણભૂત છે. વગર માગ્યે, આ ભેટનો પ્રવાહ ચાલ્યા કરે છે; કારણ કે પ્રભુની દિવ્ય શક્તિઓ વાચકોને કોઇ ને કોઇ પ્રકારે પ્રેરણા પૂરી પાડતી રહે છે. છેલ્લે મળેલ આવી ભેટની વિગતો નીચે પ્રમાણે છેઃ-

૧૧-૦૦ ધીરુભાઈ ડી. ત્રિવેદી, મોરબી.
૧૦૧-૦૦ પ્રો. એમ. એચ. પંડ્યા, અમદાવાદ.
૧૩૧-૪૦ એન. શાહ, ડરબન.
૨૧-૦૦ વિણાબેન ઠાકોરભાઇ દેસાઇ, સુરત.
૨૧-૦૦ કીકાભાઇ ભાવસારના સ્મરણાર્થે, સુરેખાબેન ભાવસાર તરફથી.
૨૫-૦૦ પ્રાગજી આર. લાડ.
૨૫-૦૦ ડો. ધર્મેશકુમાર દુલેરાય ઓઝા, મેડિકલ ઓફીસર તરીકે સરકારી નોકરીમાં દાખલ થતાં.
૫૧-૦૦ વિઠ્ઠલભાઇ શામજીભાઇ પરમાર, સુરત.
૩૦૦-૦૦ ઊર્મિલાબેન ગુણવંતલાલ ભક્ત, કપૂરા. (યુ. કે.)
૫૦-૦૦ શ્રીમતી કૈલાસબેન જોષી, વડોદરા.
૨૧-૦૦ ચિ. ધર્મેશ, S. S. C. માં પાસ થવાથી.
૨૧-૦૦ ચિ. ભૂપેશ, S. S. C. માં પાસ થવાથી.
૨૫-૦૦ શ્રી છગનભાઇની સાલગીરા નિમિત્તે. છગનભાઈ ત્રિ. સોરઠીયા.
૧૧-૦૦ શ્રી ગિરીશભાઈ અગ્નિહોત્રી, સુરત.
૧૧-૦૦ નરેન્દ્રકુમાર સી. શર્મા, મોરબી.

( અનુસંધાન ૭ ઉપર )

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૯ અંક : ૧૨ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારગેટ ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવા.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અમારી વિદેશ યાત્રા | નારાયણ હ. જાની | ૯ |
| પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું અમેરિકામાં વિરલ સન્માન | તંત્રી | ૧૭ |
| સન્માન પત્ર | — | ૨૦ |
| આવે છે યાદ | પદ્માબહેન ત્રિવેદી | ૨૩ |
| બ્રહ્મલીન મહાત્મા યોગેશ્વરજીને અર્ઘ્ય | મધુરમ્ | ૨૪ |
| મૃત્યુ | સ્વામી શિવાનંદ | ૨૫ |
| અનુભૂતિ સંપન્ન પ્રભુનું પ્રેમગાન-૨ | કલ્યાણ | ૩૨ |
| યોગી રામૈયા | ઉપેન્દ્ર ઝિંઝુવાડિયા | ૪૩ |
| વિચાર અને આચાર | શ્રી યોગેશ્વરજી | ૪૭ |
| સહજતા પ્રાપ્ત કરવાનો માર્ગ | શ્રી મણિલાલ દવે | ૫૧ |
| અસલિયત અને ઓપ | ભાઈલાલભાઈ છાટબાર | ૫૮ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૩ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૯ સપ્ટેમ્બર-૧૯૮૮ અંક : ૧૨


## શ્રી યોગેશ્વર કથામૃત

સ્થળઃ-(સરદારનગર, ભાવનગર) તા. ૫/૯/૧૯૮૦ શુક્રવાર, અજા એકાદશી, શ્રાવણવદ ૨૦૩૬.

ગઈ કાલે ગુરુવાર, આજે વળી એકાદશી છે. પૂ. શ્રી એકાદશી વરસોથી કરે છે. ફક્ત દૂધ લઈને કરે છે. પરંતુ ૧૯૭૯ ની નવેમ્બરની નવ અને પંદર તારીખે આવેલા હૃદયરોગના ભયંકર હુમલા પછી શરીરના પોષણ માટે ઉપવાસ બાધક બન્યા છે. જેથી જીવનમાં પ્રથમવાર એકાદશીએ પૂ. શ્રીએ ફળાહાર કર્યો. માંદગી પછી હોસ્પિટલમાંથી રજા મળતાં ડી-૧, ચારૂલ ફ્લેટસ, આંબાવાડી, અમદાવાદમાં આરામ કરી રહ્યા હતા, ત્યારે તેમને જાણ થઈ કે હોસ્પિટલમાં એકાદશી અને ગુરુવારની ખબર પડી ન હતી, જેથી ચારૂલ ફ્લેટસમાં જ્યારે એકાદશીનો દિવસ આવ્યો ત્યારે પૂ. શ્રીએ પોતાની રીત પ્રમાણે દૂધ જ લેવાની ઇચ્છા કરી; પણ સૌના આગ્રહને અને પરમશક્તિની ઇચ્છાને લક્ષમાં લઇ પૂ. શ્રીએ અગિયારસની વિવિધ વાનગીઓ જેવી કે શીરો, બટાકાનું શાક વિ. એક ટંક લીધું. પછી તો મજાક કરતાં કહેવા લાગ્યા મને આજે સમજાયું કે લોકો એકાદશી કરવામાં આટલો બધો

કેમ રસ બતાવે છે! એકાદશી કરવાની મઝા તો આ બધા કહેવાતા ફળાહારમાં રહેલી છે. વિ.

જેમ જેમ સ્વસ્થ થવા લાગ્યા તેમ તેમ બધા જ નિયમો શરૂ કરી દીધા. જો કે માંદગીના બિછાને પણ માળાના નિયમો ચાલુ હતા. મહાપુરુષો અને તે પણ આત્મસાક્ષાત્કારની ઉચ્ચભૂમિકાએ પહોંચેલા મહાપુરુષોને વળી નિયમો શું? પણ લોકકલ્યાણ અર્થે તેઓ એ સાધન ચાલુ રાખતા હોય છે. પૂ. શ્રી ઘણીવાર કહે છે કે "કોઇ વેપારી લાખ રૂપિયા કમાણીમાંથી મેળવી લે તો પણ પોતાનો ધંધો કે દુકાને જવાનું તો ચાલુ જ રાખે છે ને! વૃદ્ધાવસ્થાએ પહોંચે છે છતાં ધંધો છોડતો નથી. દુકાને જવું, વેપાર કરવો. એને હવે જરૂર નથી છતાં એનો સ્વભાવ પડી ગયો છે કે એ દુકાને ગયા વિના કે વેપાર કર્યા વિના રહી શકતો નથી, એ જ રીતે જે સાધનથી આત્મસાક્ષાત્કાર થયો તે સાધનને જરૂર ન હોવા છતાં સહજ ભાવે સ્વાભાવિકતાથી વળગી રહેવાનું બને છે.

ગઇરાત્રે માતાજી પાસે પૂ. શ્રી ૧૧ થી ૧૨, ૨.૩૦ થી ૩.૪૫ અને ૬.૩૦ થી સેવામાં રોકાયા, છતાં થાક લાગતો નથી એ કૃપા છે. સવારે બે ચમચી મસાલો પાવામાં આવે છે. દિવસો વીતે છે તેમ માતાજીને અશક્તિ વધતી જ જાય છે.

સવારે સમયસર સ્નાન કરાવી લે છે. તે પહેલાં માતાજીનું કમોડ સાફ કરવા માટે હું લેવા જઉં છું. સાફ કરીને મૂકી દઉં છું. પૂ. શ્રીની આંખમાં આંસુ આવી ગયાં. બોલવા લાગ્યા કે તમે કેવી હસતાં હસતાં સેવા કરો છો! મા જગદંબા વિના કોણ આવું કરી શકે! સાચે જ તમે દયાળુ



છો. મેં કહ્યું, "એવું મનમાં કશું વિચારવું નહીં. એમાં શું?" મહાપુરુષોના હૃદય કેવાં કરુણાર્દ્ર હોય છે એની પ્રતીતિ વારંવાર થાય છે.

સાડા આઠે દૂધ લઈ નારાયણભાઇ, સરસ્વતીબેન સાથે તેમના નાનાભાઈ હરિશ્ચંદ્ર અને આનંદીબેન પણ આજે આવ્યાં છે. પૂ. શ્રી થોડીવારમાં જ રૂમમાંથી બહાર નીકળી તેઓની સાથે વાતો કરે છે. અમે સમયસર દૂધ લઇએ છીએ. આજે વળી સૌ સાડાનવે વિદાય થઈ જાય છે, જેથી પૂ. શ્રી લગભગ ૧૦ વાગ્યે માતાજી પાસેથી આરામ માટે બાજુના રૂમમાં થોડીવાર માટે જાય છે.

નારાયણભાઇની સાથે દરરોજની જેમ પૂ. શ્રી સવારે વાતો કરે છે, કહે છે કે, "સંતોની નિંદા ભૂલેચૂકે પણ થઈ જાય તેને ઓછુવત્તું સહન કરવું જ પડે છે. નિંદા ટીકા કોણ કરે છે તે મારાથી છૂપુ રહી શકતું નથી." આમ કહી જેઓએ નિંદા કરી તેમને કેવું સહન કરવું પડ્યું છે તેના બે સચોટ બનાવ કહ્યા–જે અમે પણ જાણતા હતા.

સિદ્ધકોટિના મહાપુરુષોની સેવા નાનકડા સ્વાર્થ માટે થતી હોય તે સ્વાર્થ ન પોષાય ત્યારે નિંદા શરૂ થાય. આવા સમર્થ સંતોના હૃદયમાં ગુપ્તજીવનની, ગુપ્ત વાતોની, ગુપ્ત દ્વેષની હાલતી બોલતી તસ્વીર ખડી થઇ જાય છે. છતાં તે તે માનવો પ્રત્યે કરુણા અને દયાથી પ્રેરાઇને સમવ્યવહાર પણ પૂ. શ્રી કરી શકે છે. ખૂબ પ્રેમભાવથી તે તે માનવોને મેં મળતા જોયા છે. નિંદકોને દયનીય સમજી તેમની સેવા કરતા પણ પૂ. શ્રીને જોયા છે. આ એક વિરલ દૃશ્ય છે. વિરોધીઓ કે નિંદકોને પણ પવિત્ર પ્રેમની ભેટ ધરવી. કદાચ એ પ્રેમના પવિત્ર માધ્યમથી તે માનવ વધુ ને વધુ દુષ્ટ

બનતો અટકી જાય.

વળી, પૂ. શ્રી સાડા દશે ડૉકટર આવતાં ફરી માતાજી પાસે હાજર થઇ જાય છે. ૧૨ વાગ્યા સુધી માતાજીને પાણી, રસ, ફળ આપી કુદરતી હાજતે પણ લઈ જાય છે. વળી કંઇક ફરી ખવડાવે છે.

પછી જ પોતે આજે એકાદશીનું ભોજન લેવા બેસે છે. આજે બટાકાનું શાક અને દૂધ વિશેષ કરીને લીધાં. ભોજન કરતાં કરતાં ફરી વાત પૂ. શ્રીએ જ શરૂ કરી કે જગદંબા પોતાના જે ભક્તો કે શરણાગત હોય તેની કોઇ ટીકા, નિંદા ખોટી રીતે કરે તો તે ખૂબ નારાજ બને છે. જ્યારે પણ વાતો કાઢીએ તો તે માનવની તો ખૂબ ખૂબ નારાજી બતાવે છે.

આજ કાલ જગદંબા દરરોજ જ કહે છે કે આ સ્વરૂપમાં (સર્વેશ્વરી પ્રત્યે આંગળી ચીંધીને) હું જ પ્રગટીને લીલા કરી રહી છું. આમના ઉપર જગદંબા ખૂબ રાજી છે. એમનું આ સેવા કરવાનું તપનું સર્વશ્રેષ્ઠ ફળ આપવાની પણ મા વાતો કરે છે.

જગતને આદર્શ ધરવા, લોકકલ્યાણાર્થે આમના દ્વારા બતાવે છે કે ત્યાગ કેવો હોય? સમર્પણ ભાવના કેવી હોવી જોઇએ? ગુરુની સાથે એક સ્ત્રી તરીકે રહેવાની હિંમત કેવી હોય? વળી વિરોધીઓની પણ સેવા કેવી રીતે થઇ શકે? અને નીડરતા કેવી હોય! આ બધું બતાવવા જ આવ્યાં છે.

ભોજન પૂર્ણ થયું, પૂ. શ્રીને આજ કાલ એક પ્રવાહી દવા ને વિટામીન્સની ટીકડી ભોજન બાદ આપવામાં આવે છે. ત્યારબાદ અમે સૌ વિવિધ કાર્યમાં રોકાયાં છીએ ત્યાં પૂ. શ્રી મને ઈશારો કરીને માતાજીની રૂમમાં કંઇક બતાવવા લાગ્યા! મેં જોયું તો માતાજીના રૂમમાં પૂ. શ્રીની પથારી



તૈયાર થઈ ગઇ હતી. મને કહે "જુઓ, આજે મારી પથારી શુકદેવજી કરી ગયા. મહર્ષિ કપિલ ઓશીકું લઈ આવ્યા. વળી જ્ઞાનેશ્વર ઘડિયાળ લાવીને મૂકી ગયા તો શંકરાચાર્ય વળી માળા મૂકી ગયા.

પૂ. શ્રીની પથારી તૈયાર થાય એટલે દરરોજ ઓશીકું, ઘડિયાળ, માળા વિ. અમે મૂકી દઈએ છીએ. જરૂરી જે જે વસ્તુ છે તે તે મૂકી દઇએ છીએ. આજે બધું પૂ. શ્રી એ જ ગોઠવી દીધું ને પછી જ બારણું ખોલીને આવો વિનોદ કરવા લાગ્યા.

પૂ. શ્રી પાંચ વાગ્યા સુધીમાં બે ત્રણ વાર ઊઠીને કલાક કલાક માતાજીની સામે સેવામાં સમય આપે છે. લગભગ આજકાલ આરામ હરામ છે.

અમદાવાદ, વડોદરા, રાજપીપળા, સુરત, કપૂરા, છોટા-ઉદેપૂરમાં પૂ. શ્રી પોતે દિવસ દરમ્યાન કેવો ને કેટલો આરામ કરતા તેની પણ આજે વાત કરે છે; જેમ આજ કાલ શ્રમ પ્રધાનપણે થાય છે તેમ આ બધા સ્થળોમાં આરામ જ પ્રધાનપણે થતો હતો. જાણે આવો શ્રમ ને સેવા કરવાની છે એ દૃષ્ટિએ જ પૂ. શ્રીએ પૂર્ણ આરામ ન કરી લીધો હોય! એવું આજે તો લાગે છે.

પૂ. શ્રી ઘણીવાર વાતો કરે છે જેમાં જગદંબા આમ કહે છે, મા આમ કહે છે. જગદંબાને પૂછી જોઈશ આ શબ્દો વારંવાર સાંભળવા મળે છે, તો ત્યારે ત્યારે તેઓ પરમશક્તિ–પ્રભુ–ભગવાન કે પરમચેતના વિષે આ ઉલ્લેખ કરે છે એ સમજવું જરૂરી છે. આપણે જેમ એકમેક સાથે વાતો કરીએ એ જ રીતે પૂ. શ્રી પરમશક્તિ સાથે વાતો કરી લે છે.

પાંચ પછી ૨૦ મિનિટ જ આરામ કરે છે. ત્યાં જ માતાજીની સેવામાં સાત વાગ્યા સુધી સતત રહેવું પડે છે.

સાત થી સાડા આઠ પ્રવચનમાં સમય જાય છે. આજે રાષ્ટ્રીયતા વિષે, હનુમાનજીની ભક્તિ કોઇપણ જાતના પુરસ્કારની અપેક્ષા સિવાયની હતી એમાંથી આજે દેશ ધારે તો ઘણું શીખી શકે છે, વગેરે વાતો કરી.

—મા સર્વેશ્વરી

---

( ટાઇટલ ૨ નું ચાલું ) **સદ્ભાવભરી ભેટ**

૨૦૧–૦૦ ભાનુમતી ત્રિકમજી કોટક,
ચિ. સુકેશના લગ્ન પ્રસંગે.
૧૧–૦૦ મોહનભાઈ ડી. ચૌહાણ, મોરબી.
૧૫–૦૦ એસ. ટી. ચૌહાણ, વઢવાણ.
૫૧–૦૦ નિર્મળાબેન ઉપાધ્યાય, ભાવનગર ગુરુપૂર્ણિમા નિમિત્તે
૨૫૧–૦૦ શ્રી ઠાકુરભાઇ વાલજીભાઇ ઠક્કર, વડોદરા તરફથી.
ગુરુપૂર્ણિમા નિમિત્ત.

—*—

કોઇને ત્યાંથી ઉછીની લાવેલી ચીજ બગડે નહિ અને કામ પૂરું થયા પછી તરતજ તેને સહીસલામત પહોંચી જાય તેની ખાસ કાળજી રાખો.

કોઇપણ માનવી આતુર ભાવથી ગદગદ થઇને અનન્ય ભાવે શરણ લઇ, કેવળ ઇશ્વર ને જ પ્રાર્થના કરે છે, તો પ્રભુ તેનો પોકાર સાંભળે છે.

માનવસૃષ્ટિ પર સુખની સ્થાપના ઐકયતા દ્વારા જ થશે.



# અમારી વિદેશ યાત્રા

નારાયણ હ. જાની

નોર્થ બરગન ( ન્યુ જર્સી )માં પંદર દિવસ શ્રી વિનોદભાઇને ત્યાં રોકાઈ અમે પૂ. માશ્રી સર્વેશ્વરી સાથે કેનેડા એરપોર્ટ ઉપર આવ્યા ત્યારે જૂનની ચોથી તારીખ હતી. આ વખતે અમે વોશિંગટન બ્રીજ ઉપર થઇને આવ્યા ત્યારે વરસાદ પડતો હતો. વાતાવરણ ઠંડકવાળું થઈ ગયું હતું.

આ પુલ ( બ્રીજ ) ની રચના ખરેખર ઇજનેરી કળાના સુંદર નમૂનારૂપ છે. એકની ઉપર એક એમ જવા આવવાની સુંદર વાહન વ્યવહારની વ્યવસ્થા છે. મુખ્ય પુલની આસપાસ બહાર નીકળવાના માર્ગોની જે ફૂલગૂંથણી છે, તે હેરત પમાડે છે.

અમને પહોંચાડવા માટે ભાઇશ્રી સુતરિયા પોતાની ગાડી લઇ આવ્યા છે. કયા જીવોની કયાં ને કેવી લેણદેણ ઊભી થઈ જાય એની કોને ખબર છે ? મોરબીના ઇજનેરી કોલેજમાં ભણતા આ છોકરાએ કદી કલ્પના પણ નહિ કરી હોય કે તે પરદેશ જઈ, આ રીતે સ્થાયી થશે ! અને અમને તેની સેવાઓ ઉપલબ્ધ બનશે. આ બધો પ્રતાપ અમારા પ. પૂ. ગુરુદેવનો ને પૂ. માનો છે.

અમારે લોસ એન્જેલેસ જવા માટેના વિમાનને ઉપડવાની વાર છે. એટલે અમે આરામકક્ષમાં બેસીએ છીએ. આસપાસથી જતા અમેરિકનો માટે પૂ. માનું પ. પૂ. શ્રી યોગેશ્વરજીના સ્વરૂપ સાથે ખુલ્લા પગે આ રીતે ચાલવું એ કૂતુહલ પ્રેરક છે. કેટલાક ઘડીભર ઊભા રહીને જુએ છે, તો કેટલાક નજર નાખીને ચાલ્યા જાય છે. અમે જ્યાં બેસીએ છીએ ત્યાં

જણાવે છે. મુસાફરીના ખાસ શ્રમ વગર અમે ત્રણ હજાર માઇલની સફર કરીને આવી પહોંચ્યા એથી અમને રાહત થઈ. પૂ. માને પણ ખાસ થાક વરતાતો નથી. પૂ. માને આજે નિર્જળા છે.

લોસ એન્જેલેસનો સમય ન્યુયોર્ક કરતાં ત્રણ કલાક આગળ છે. અમે લગભગ રાત્રે ૮-૦૦ વાગે અહીં ઊતરીએ છીએ. બહાર નીકળતાં પહેલાં કોઈ જાણતું નથી. એટલે પૂ. મા વિનોદમાં કહે છે, "નારણભાઈ, આપણે ભૂલથી તો બીજે કયાંય ઊતરી ગયાં નથીને ?" હું પૂ. માને ખાત્રીપૂર્વક જણાવું છું કે આ લોસ એન્જેલેસ છે.

એટલામાં પૂ. માની નજર પૂ. મા પ્રભુના ભક્ત શ્રી હીરાભાઇ ને તેમની પત્ની ઉપર પડે છે. અમને આવેલા જોઈ એમને પ્રસન્નતા થાય છે. પૂ. માને તેઓ વંદન કરે છે.

બહાર નીકળતાં જ ત્રીસેક ભાઈબહેનોનું ભક્તવૃંદ પૂ માનું ઉષ્માભર્યું સ્વાગત કરવા ઊભેલું હોય છે. તેઓ સર્વે પૂ. માને વંદન કરી એક વિભાગમાં બેસે છે ને ધૂન બોલાવે છે. એટલામાં શ્રી ભગવાનજીભાઈ ને તેમનાં પત્ની કંચનબેન, શ્રી ધીરૂભાઈ ને મણિબેન વગેરે આવી પહોંચે છે. પૂ. માની વિડીઓ ઉતારવાની ખાસ વ્યવસ્થા શ્રી ભગવાનજીભાઇએ ગોઠવી છે.

હું શ્રી ધીરૂભાઇ ને હીરાભાઈ સાથે અમારો સામાન લેવા જાઉં છું. પરંતુ તપાસ કરતાં માલૂમ પડે છે કે મારી તેમજ પૂ. માની એમ બે બેગો ભૂલથી બીજા વિમાનમાં ચઢાવી દેવાઈ છે એટલે અમને મળતી નથી. તે માટે જરૂરી લેખિત ફરિયાદ અમે આપીએ છીએ. તો ફરજ ઉપરની બહેન અમને કોમ્પ્યુટર મારફત તપાસ કરી કહે છે, તમારો સામાન બીજા વિમાનમાં લોડ થઇ ગયો છે. તે તમને કાલે મળી જશે."



મેં પૂછયું કે આવી ભૂલ કેમ થઈ જાય ? કારણ કે ભારતમાં આવી રીતે ગેરમાર્ગે ગયેલા સામાન ભાગ્યે જ પાછા મળતા હોય છે. તો તે બહેન વિનોદ કરતાં કહે છે, "એવી ભૂલો થતી રહે છે, એટલે તો મારી આ નોકરી છે." એના એ જવાબથી મનેય હસવું આવે છે.

પૂ. મા તો માત્ર એક બેગ જ લાવેલાં છે ને હવે તે આવી નથી, એટલે એમને ભારે તકલીફ પડશે. મને તેની ચિન્તા થાય છે. પરંતુ જ્યારે હું એમને આ વાત જણાવું છું ત્યારે તેઓ બહુ સ્વસ્થતાપૂર્વક કહે છે, "જેવી પ્રભુની ઇચ્છા. એમાં ચિન્તા શું કરવાની ?" એમ કહી પૂ. મા મને ચિન્તા ન કરવા જણાવે છે. પ્રભુ ઉપર એમનો કેવો વિશ્વાસ ? સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ મને અહીં એમનામાં પ્રત્યક્ષ જોવા મળે છે.

પૂ. મા શ્રી ભગવાનજીભાઇની ગાડીમાં તેમની એલોહા મોટેલ સાન્ટી આના આવે છે. પૂ. મા આવવાનાં છે તે નિમિત્તે શ્રી ભગવાનજીભાઇએ સરસ નવી ગાડી પણ ખરીદી છે. વળી પૂ. મા માટે મોટેલનો એક નંબરનો રૂમ સારી રીતે સજાવ્યો છે. જમીન ઉપરની નવી કારપેટ તેમજ પલંગની ગાદીઓ, રજાઈ, ઓશિકાં–અરે, સરસ આરામદાયક સ્લાઇડિંગ ખુરસી ને ટેબલ લેમ્પો–બધાં નવાં ખરીદવામાં આવ્યાં છે. તે ઉપરાંત પૂ. માના ઉતારાની બાજુની રૂમ અમોને ઉતરવા માટે આપે છે કે જેથી મોટેલમાં પૂ. માના બાજુના રૂમમાં કોઈ એવા માણસો ન રહે કે જેથી એમને થોડોય વિક્ષેપ થાય.

મોટેલના બે રૂમો રોકાઈ જતાં રોજની કેટલી બધી આવક જતી કરવી પડે એ અંગે મેં શ્રી ભગવાનજીભાઇને કહ્યું, ને ઉમેર્યું કે અમે તો તેમની સાથે પણ રહી શકીશું. તેઓએ તુરતજ કહ્યું, એની ચિન્તા તમારે ન કરવી. પ્રભુ એની ચિન્તા કરે છે જ. જુઓ, ગઈ કાલે જ અમારાં આટલાં

બધાં વર્ષોમાં ન થઈ હોય એટલી રેકોર્ડ આવક થઈ છે. આ કોણે કરી? અમે તો પૂ. માના આગમનની વ્યવસ્થામાં રોકાએલા હતા." એમનો આ પ્રત્યુત્તર એમના દિલની ઉદારતા ને પ્રભુ પરના વિશ્વાસનો ભારે દ્યોતક છે. પૂ. મા માટે એમના દિલમાં ભારે આદર ને શ્રદ્ધા છે.

અહીં પૂ. માની સેવામાં એમનાં ધર્મપત્ની શ્રી કંચન-બહેન લાગી જાય છે. એમનો સ્વભાવ ઓછા બોલો છે, પરંતુ તેઓ ખૂબ વિચારશીલ છે. કોઈપણ વસ્તુનો સ્વીકાર કરતાં પહેલાં એને બુદ્ધિપૂર્વક ચકાસવાનો એમનો સ્વભાવ છે. તેમને ઘણી જિજ્ઞાસા છે. એક કૃષ્ણ ભકત એન્જીનિયર પિતાનાં એ સંતાન છે, જ્યારે એમના શ્વસુર પક્ષમાં શ્રીમદ્ રાજચંદ્રના જૈન ધર્મનું પાલન થાય છે. તે છતાં એમના દિલમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા હિંદુ સંત પ્રત્યે ભારે આદર પ્રેમ ને શ્રદ્ધા છે. એટલે જ પૂ. માએ એમને ત્યાંજ ઊતરવાનું પસંદ કર્યું છે.

મોટેલના ધંધામાં સતત કામગીરી રહેતી હોય છે. સવારથી જ કામ રહે. રૂમ જેમ જેમ ખાલી થતા જાય તેમ તેમને સાફ કરી, ફરી તૈયાર કરવાની કામગીરી મહેનત ને સમય માગી લે છે. પરંતુ આ બધું કાર્ય કરતાં કરતાં શ્રી ભગવાનજીભાઈ ને કંચનબહેન પૂ. માનું ખૂબ ઝીણવટભર્યું ધ્યાન રાખે છે. પૂ. માને શું જોઈશે, તેનો વિચાર આ દંપતી સતત કરતાં રહે છે ને પૂ. માને સર્વ પ્રકારે સુખ થાય એની ચિન્તા સેવતાં રહે છે. એ માટે ગમે તે ખર્ચ થાય તે એમને મન ગૌણ છે.

પૂ. માના આગમને આ અભ્યાગતપ્રેમી ગૃહસ્થીને ત્યાં અમારા ઉપરાંત બીજા આવનારાઓની સંખ્યા પણ ઠીક ઠીક દિનપ્રતિદિન વધતી જાય છે. પરંતુ શ્રી કંચનબહેન તો પૂ.



માની સેવામાં વ્યસ્ત હોવા છતાં બધાંને સમયસર જમાડવાની વ્યવસ્થા કરતાં રહે છે. એમના રસોડામાં જાણે સહુ માટે ભોજન, ફળો કે રસોની વ્યવસ્થા છે જ. દૂધ, દહીં કે જે જોઈએ તે સર્વે અહીં રહેનાર કે આવનાર વિના રોકટોક લઈ શકે, એવી સ્વતંત્રતા તેમણે સહુને આપી છે. પૂ. માના આગમને એમનો આવાસ જાણે કે અન્નપૂર્ણાનો આવાસ બન્યો છે. અમારી પણ તેઓ ખૂબ પ્રેમ ને લાગણીપૂર્વક સંભાળ રાખતાં રહે છે.

અગાઉ ખાત્રી આપ્યા પ્રમાણે પૂ. માની અને અમારી બેગો ઘેર બેઠાં આવી જતાં, અમને અહીંના TWAની વ્યવસ્થા પ્રત્યે ભારે માન ઊપજે છે. મુસાફરને વિમાન કંપનીની ભૂલને લીધે જરા પણ તકલીફ ન પડે એનું તેઓ સતત ધ્યાન રાખતા રહે છે. ભારતની આવી સેવાઓમાં પડેલી કંપનીઓએ આ બાબતમાં ઘણું શીખવા જેવું છે.

અમારા આવ્યા પછી બીજા દિવસે દૂર વસતાં એક બહેનનો ફોન શ્રી ભગવાનજીભાઈ ઉપર આવે છે. તેઓને બીજા દિવસે ઓપરેશન માટે હોસ્પિટલમાં દાખલ થવાનું છે. એટલે એમને પૂ. માના દર્શને આવવાની ઇચ્છા છે. પૂ. મા તે દિવસે ખૂબ શ્રમિત છે. છતાં એ બહેનને તે જ દિવસે આવી જવા સૂચના આપે છે.

એ બહેનને હોસ્પિટલમાં જતાં ડર લાગે છે. જીવનમાં પહેલી જ વાર ઓપરેશન માટે જવાનું છે. વળી એમના પતિ લકવાગ્રસ્ત છે એની પણ એમને ચિન્તા છે.

પૂ. મા એમને હિંમત આપે છે ને ઉમેરે છે કે "એમ સમજજો કે ડોકટર એ પ્રભુરૂપ છે ને તમારી સેવા કરવા એ સ્વરૂપમાં ઉપસ્થિત છે, એમ કહી એમને માળા ને પુષ્પ આપે છે. વળી ઉમેરે છે કે પથારીમાં પડ્યાં પડ્યાં

બનતા જપ કરજો. એ માટે પ્રભુએ તમને આ સમય આપ્યો છે, એમ સમજજો."

જીવનની હરેક પરિસ્થિતિને પ્રભુની દેન સમજીને સ્વીકારી લેવી તેમજ એમાં પ્રભુની મંગલમયતાનું દર્શન કરવાની પૂ. માની જીવનદૃષ્ટિ આપણને દેખાય છે. એ વાત પૂ. મા બીજાઓને પણ કહેતાં રહે છે. પેલાં બહેન તો પૂ. માને વંદન કરીને જાય છે.

પરંતુ બે દિવસ પછી પૂ. મા સહજ રીતે તપાસ કરવા એ બહેનને ત્યાં ફોન જોડાવે છે તો સહુના આશ્ચર્ય વચ્ચે જાણ થાય છે કે જે ડૉકટરે એમને ઑપરેશન માટે કહેલું તેણે જ ફરી તપાસ કરી જણાવ્યું કે હવે ઑપરેશનની જરૂર નથી. બધાંને તેથી આશ્ચર્ય થયું. સૌથી વિશેષ તો એ બહેનને લાગ્યું કે પૂ. માની કૃપાને લીધે હું ઑપરેશનની પીડામાંથી ઉગરી ગઈ. એણે ફોન કરી પૂ. માનો ખૂબ ખૂબ આભાર માન્યો.

લૉસ એન્જેલેસમાં હવામાન ઘણું અનુકૂળ છે. અહીં બહુ ગરમી કે બહુ ઠંડી નથી. એટલે પૂ. મા પોતાની સાધના તીવ્રતમ બનાવવાનું વિચારે છે, મહિનામાં નવ દિવસ જે પાણી પણ વગરના ઉપવાસો છે તેની સંખ્યા વધારીને હવે ૧૫ દિવસ કરી રહ્યાં છે. એટલે માત્ર પંદર દિવસ ફળના થોડા કકડા લેવાના, જે માટે પૂ. માને હવે રુચિ નથી રહી. પૂ. મા દૂધ કે દહીં તો લેતાં જ નથી. એટલે શારીરિક નબળાઈ વરતાય એ સ્વાભાવિક છે. દિવસમાં બાર કલાકનું મૌન પણ ચાલુ છે. બપોરે બાર કે એક વાગ્યા પછીજ પૂ. માનું દ્વાર ખૂલે છે–ને અમને દર્શન પ્રાપ્ત થાય છે.

અહીં આવ્યાં કેડે બે નવી ઘટનાઓ બને છે. એક પૂ.

( અનુસંધાન પૃષ્ઠ ૪૯ ઉપર )



# પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું અમેરિકામાં વિરલ સન્માન

–તંત્રી

"હિંદુ ધર્મમાં એક સ્રીને આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરવી હોય તો તેને ઘણી મુશ્કેલીઓ પડે છે, કારણ કે જૈન ધર્મની જેમ તેને માટે પૂરતી સુવિધાઓ નથી. વળી તેને પોતાની આત્મિક સાધનાની સાથે સાથે જાતની સુરક્ષા અને પવિત્રતા પણ જાળવવાનાં હોય છે.

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ તેઓને અમેરિકાના લૉસ એન્જેલેસ વિભાગના શ્રી રામ કબીર ભકત સમાજ તરફથી આપવામાં આવેલ સન્માનપત્રના પ્રત્યુત્તરમાં આ શબ્દો ઉચ્ચાર્યા હતા.

ઉપરોકત ભકત સમાજે પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની લૉસ એન્જેલેસની મુલાકાતના ઉપલક્ષ્યમાં એક સ્રી સંતને અમેરિકાની ધરતી ઉપર સન્માનવાનો આ વિરલ સમારંભ તા. ૧૧/૬/૮૮ ના રોજ યોજ્યો હતો. સમાજના ઇતિહાસમાં આવું ગૌરવપ્રદ સન્માન પ્રાપ્ત કરવાનો આ પ્રથમ પ્રસંગ છે.

પૂ. માએ વિશેષમાં જણાવ્યું હતું કે પ્રભુકૃપાથી અમારામાં જન્મજાત આધ્યાત્મિક સંસ્કારો હતા. તેને પોષવામાં અમારા પિતાજીનો ઘણો મોટો ફાળો રહ્યો છે. સંભવ છે કે અમે આ સમાજમાં ન જન્મ્યાં હોત તો અમારા માતાપિતા તરફથી અમને આ ક્ષેત્રે જેવો સહકાર મળ્યો તેવો કદાચ બીજે ન પણ મળ્યો હોત. આજે જો તેઓ હયાત હોત તો તેમને ખરેખર ઘણો આનંદ થાત! એમ કહી તેઓએ પોતાનાં

માતા-પિતાને સુંદર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પોતાની તપસ્યાપૂર્ણ સાધનાની સમજ આપતાં પૂ. માએ કહ્યું કે અમારા આધ્યાત્મિક સંસ્કારોનો સંપૂર્ણ વિકાસ તો પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા ઈશ્વરદર્શી સંતના સાન્નિધ્ય પછી જ થયો. અમારા એ ગુરુ આજે ભલે સ્થૂલ સ્વરૂપે અસ્તિત્વ ન ધરાવતા હોય, પરંતુ સૂક્ષ્મ સ્વરૂપે અમારા જીવનમાં તેઓ જ કાર્ય કરી રહ્યા છે. એનો અમે સતત અનુભવ કરી રહ્યા છીએ; એટલે જ આજે ૧૫૫૦ દિવસો ઉપરાંતના ઉપવાસો છતાં આ શરીર ટક્યું છે." એમ જણાવી પોતાના સ્વરચિત ભજનો પૂ. માએ ગાયાં હતાં.

આ સન્માન પત્રનું વાચન સમાજના અગ્રગણ્ય કાર્યકર શ્રી છગનભાઇ ભકતે કર્યું હતું. પૂ. માને જ્યારે તે અર્પણ કરાયું ત્યારે પૂ. માએ એક વડીલના નાતે તેમનાં ચરણોમાં પ્રણામ કર્યા ત્યારે પૂ. માની આ અણધારી નમ્રતાપૂર્ણ ચેષ્ટાથી છગનભાઈ ઘડીભર સ્તબ્ધ બની ગયા હતા.

શ્રી છગનભાઇ ભકતે અમેરિકામાં વસતા ભક્ત સમાજના ભાઈઓને સંગઠિત રાખવા, તેમના ભારતીય સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા, તેમજ સમાજના અહીં નવા આવનાર ભાઇબહેનોને વસવામાં સહાયરૂપ થવાના જે પ્રયત્ન કર્યા છે ને કરતા રહે છે તે બદલ પૂ. માએ એમને ખાસ અભિનંદન આપ્યા હતા. શ્રી રામ કબીર ભક્ત સમાજ તરફથી લોસ એન્જેલેસમાં કબીર મંદિર બાંધવાની જે પ્રવૃત્તિ ચાલી રહી છે, તેમાં પૂ. માએ સૌ પ્રથમ પોતાનો ફાળો આપ્યો હતો. તેમજ તેઓના સત્સંગોની આરતીમાં આવેલા પૈસા પણ આજ ફાળામાં પાછળથી મોકલાવી આપ્યા હતા.

પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ શ્રી વલ્લભભાઈ ભકતે પૂ. માશ્રી સર્વેશ્વરી તેમજ તેમની સાથે આવેલ અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણભાઈ જાનીનું ફૂલહારથી સન્માન કર્યું હતું; તેમજ શ્રીમતી ગુલાબબેન ભકતે શ્રી સરસ્વતીબેનનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું.



પૂ. માના આધ્યાત્મિક જીવનનો પરિચય શ્રી ગુલાબબેન લલ્લુભાઇ ભકતે તથા પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પૂ. માની આધ્યાત્મિક સાધનાની વિગતો શ્રી નારાયણભાઈ જાનીએ આપી હતી.

આ સમારંભનું સંચાલન શ્રી હંસાબેન ભકતે કર્યું હતું. સમાજના આ વિસ્તારમાં વસતા ભાઈબહેનોએ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી, કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સમારંભના અન્તે એક વૃદ્ધ પુરુષે પૂ. માને અભિવાદન કરતાં કહ્યું, "તમે તો તમારા જીવનને સફળ ને ધન્ય કર્યું અને સમાજને ગૌરવ ધર્યું. એ જોઈ અમને આનંદ થાય છે." આ હતો સન્માન સમારંભનો સાહજિક પ્રતિભાવ.

નોંધઃ—સન્માન પત્ર આ અંકમાં અન્યત્ર છાપેલ છે.

—*—

શ્રદ્ધા ભક્તિ પૂર્વક સાચા હૃદયથી પ્રભુની પ્રાર્થના કરો અને પવિત્ર નામનો સતત જપ કરો.

શાંતિ જોઇતી હોય તો કાંચન, કામિની અને કીર્તિનો મોહ છોડો.

ધનના ત્યાગ કરતાં, મોટાઇનો ત્યાગ અતિ કઠણ છે.

નિર્ધન અને નિષ્કિંચન હોવા છતાં પણ જેની પાસે વિવેક, સત્ય, શ્રદ્ધા, ચારિત્ર્ય અને પ્રભુ ભક્તિરૂપી નાણું છે તેજ સાચો ધનવાન છે.

## સન્માન પત્ર

**મોહન મેં દીઠો રે, મધથી મીઠો,**
**સંત સ્વરૂપે એક શ્યામ મેં દીઠો**
**અમૃતથી યે અદકો, યોગેશ્વર નામ ધરતો...**



"અર્ઘ્ય" ભજન સંગ્રહના લેખિકાના આ ઉદ્‌ગારો છે. તેમનામાં પ્રેમદીવાની મીરાબાઇ જેવી ઇશ્વરને ખોળવાની સાચા દિલની તમન્ના ભરી છે. તેઓ જેવું જીવે છે, તેવું જ ગાય છે. છેલ્લા ૧૫૫૦ કરતાં વધુ દિવસોથી તેમણે અન્નનો સંપૂર્ણ ત્યાગ કરેલો છે. તેઓ કદીક અલ્પ પ્રમાણમાં દૂધ, ફળ, પાણી કે કદીક પાણી વગર પ્રભુના દર્શન માટે તપ્યાં છે અને આજેય એમની એ સાધના એ જ ઢબે ચાલી રહી છે. એમનાં ભજનો અને ગીતોમાં સરળતા, ગેયતા, ભગવદ્ ભાવના, પ્રભુ વિરહની વ્યથાનો, તો ક્યાંક આધ્યાત્મિક અનુભૂતિનો હૃદયસ્પર્શી રણકો સંભળાય છે. આ તપસ્વી વ્યક્તિ એ પેલાં સંસારી નામધારી સ...બેન નહીં, પરંતુ

**મા શ્રી સર્વેશ્વરી છે.**

તેઓ આજના યુગનાં મીરાબાઇ અને ભક્ત સમાજનું રત્ન છે. પરમ પૂજ્ય મહાત્મા શ્રી યોગેશ્વરજીને તેઓએ પોતાના આરાધ્ય પ્રભુ માન્યા છે. તેઓએ સાંસારિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરી, ઈશ્વરપ્રાપ્તિ માટે પોતાનું જીવન સમર્પિત કરેલું છે. નવેમ્બર ૧૯૭૬માં સાધના વિદ્યાલય, સુરતના મુખ્ય આચાર્યની પ્રતિષ્ઠાભરી પદવીનો તેઓએ ત્યાગ કરી પ્રભુપંથે ઝંપલાવ્યું છે. તેઓના જીવનનું લક્ષ્ય કેવળ પ્રભુપ્રાપ્તિ નથી, પરંતુ દુન્યવી લોકોને જપ, ધ્યાન, પ્રાર્થના વડે સત્સંગમાં રસ લેતા કરીને સાચા ધર્મના માર્ગે વાળવાનું ને વ્યસનમુક્ત પવિત્ર જીવન જીવવા પ્રેરવાનું છે.

તેઓનો જન્મ ભારતના ગુજરાત રાજ્યના વ્યારા તાલુકાના કપુરા ગામમાં ભક્ત પરિવારમાં થયેલો છે. સને ૧૯૮૧માં તેઓ પરમ પૂજ્ય મહાત્મા શ્રી યોગેશ્વરજી સાથે અમેરિકા પહેલી વાર આવેલાં. તે પછી આજે બીજી વાર સત્સંગ અને ધર્મ પ્રચાર માટે અત્રે પધારેલ છે. તો આજના શુભ દિને અમેરિકાનો સમગ્ર ભક્ત સમાજ, મિત્ર મંડળ તથા ભાવિક ભક્તજનો આ ભૂમિને આપે પાવન કરી છે તે નિમિત્તે આપનો ગૌરવ સાથે ભવ્ય સત્કાર કરીને, આપનું હાર્દિક સન્માન કરે છે. વળી પ્રભુને પ્રાર્થના કરે છે કે તે આપને લાંબુ તંદુરસ્તીભર્યું જીવન આપે.

અમો સહુના "રામ કબીર" સ્વીકારજો.

લિ. અમો છીએ

**શ્રી રામ કબીર ભક્ત સમાજ**

જૂન ૧૧, ૧૯૮૮, વિક્રમ સંવત ૨૦૪૪,
અધિક જેઠ વદ બારસ, શનિવાર ૧૮૧૬ વેસ્ટ મેઈન સ્ટ્રીટ,
અલ્હામ્બ્રા, કેલિ. ૯૧૮૦૧, યુ. એસ. એ.

## આવે છે યાદ

મને આવે છે સંતની યાદ,
એને ભૂલું નહિ હું પળવાર.

મનના મંદિરિયામાં મૂરત છે એની,
રામકૃષ્ણ રૂપે નિરખું દીવાની,
બની ગઇ છું આજ.
એને ભૂલું……

અમી ભરેલી આંખડી છે એની,
દિવ્ય દર્શનની લૂંટી છે લ્હાણી,
ધન્ય બનાવી માત.
એને ભૂલું……

ફૂલ સમું ફોરમતું મઘમઘતું મુખડું,
ફોરમ મૂકીને કયાં જઈ સંતાયું,
સપના–શી લાગે છે વાત.
એને ભૂલું……

અવધૂત બની એણે જીવન દિપાવ્યું,
અનેક જીવનને એણે જગાવ્યું,
પ્રગટાવી અંતરની માળ.
એને ભૂલું……

સરસ્વતીના પનોતા પુત્ર,
રચ્યાં છે એણે વિધ વિધ ગ્રંથ,
રોશન કીધું છે નામ.
એને ભૂલું……



કલ્પવૃક્ષ જેવું જીવન છે એનું,
જે જોઈએ તે માગી રે લેવું,
પૂરે છે મનડાંની આશ.
એને ભૂલું……

ઋષિ મુનિ જેવા શ્રેષ્ઠ યોગેશ્વર,
ત્રિગુણાતીત એવા લાગે મહેશ્વર,
મહિમા છે અપરંપાર.
એને ભૂલું……

—પદ્માબહેન ત્રિવેદી

જીભના દરવાજાને બંધ કરવાના. મૌન સેવતાં મનના દરવાજા બંધ કરવાના. મૌન ચઢિયાતું છે.

IS: 10001

ઓ. ૨૫૬૬૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. ૪૧૪૭૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હૉ. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨

## બ્રહ્મલીન મહાત્મા યોગેશ્વરજીને અર્ઘ્ય

( ભુજંગી )

તમે જ્ઞાન ભૂખ્યા તમે દિવ્ય દષ્ટા,
તમે શુદ્ધ યોગી બધામાં નિરાળા,
તમે ધર્મ રાહી પચાવી જ ગીતા,
તમે ભોમિયા છો અમારા બધાના.

કરી સાધના હો તમે દિવ્ય રાહે,
તમે આર્ય સાચા વિભોના દીવાના,
તમે મર્મગ્રાહી તમે કર્મ યોગી,
તમે ચિંતકોમાં નિરાળા ઘણા છો.

મહાત્મા તમે તો મહા જ્યોતધારી,
તમે ધર્મ ગાયો અનોખી જ રીતે,
વણીને સહાયે તમે જીવને તો,
પળીને અનોખા જ પ્રકાશ પંથે.

તમે શબ્દ બંદા, તમે દિવ્ય રાહી,
તમે આપજો હ્યાં દુવા તો અમોને,
તમારી જ આશિષ હોજો અમોપે,
ઉજાળે અમારા રાહ જિંદગીના.

—"મધુરમ"



# મૃત્યુ

સ્વામી શિવાનંદ ( ઋષિકેશ )

( જુલાઇ '૮૮ નું અનુસંધાન )

મૃત્યુબાદ આ પાંચ તત્ત્વો લય પામે છે. તેઓ કુદરતના અક્ષય ભંડારમાં પંચ તન્માત્રારૂપી તેમના મૂળ સૂક્ષ્મ સ્વરૂપને પામી જાય છે. પૃથ્વીતત્ત્વ પૃથ્વીના ભંડારમાં જાય છે, તેવી જ રીતે બીજા તત્ત્વો પણ પોતપોતાના મૂળ સ્વરૂપમાં જાય છે.

વિવિધ ઇન્દ્રિયોનાં કાર્યો તેમના અધિષ્ઠાતા દેવતાઓ ઉપર આધાર રાખે છે. ચક્ષુ ઇન્દ્રિય સૂર્ય કે જેમાંથી તેને દૃષ્ટિ મળી છે તેમાં જાય છે. વાક્ અગ્નિમાં, પ્રાણ વાયુમાં, શ્રોત્ર દિશામાં, શરીર પૃથ્વીમાં, રુવાંટાં છોડમાં, માથાના વાળ વનસ્પતિમાં અને લોહી તેમજ વીર્ય પાણીમાં મળી જાય છે.

## મૃત્યુ સમયની વેદના

મૃત્યુ સમયે બહુ દુઃખ થતું નથી. અજ્ઞાની લોકો જ મૃત્યુની ભયંકરતા વધારી મૂકે છે. ગરુડપુરાણ તેમજ આત્મપુરાણમાં લખ્યું છે કે મૃત્યુ સમયે ૭૨૦૦૦ વીંછીના ડંખ જેટલી પીડા થાય છે. આ લખવાનું કારણ માત્ર એટલું જ છે કે જે વાંચીને સાંભળીને લોકો ભયથી પ્રેરાઇને મોક્ષને માટે પ્રયાસ કરે. અધ્યાત્મમાર્ગે આગળ વધેલા જીવાત્માને કહેવું છે કે મૃત્યુ સમયે જરા પણ દુઃખ હોતું નથી. તેઓ મૃત્યુ સમયના અનુભવનું વર્ણન કરતાં જણાવે છે કે આ સ્થૂલ શરીરને છોડી દેતા જીવાત્માને પોતા પરથી મોટો બોજો દૂર થયો હોય એમ લાગે છે. આથી આ શરીરથી છૂટા પડતી વખતે તેઓ ખૂબ શાંતિ અનુભવે છે. શરીરની નાડીઓનું ખેંચાવું વગેરે દ્વારા માયા પાસે ઊભેલા મનુષ્યોમાં

કાલ્પનિક ભય ઉત્પન્ન કરે છે. આ તો માયાનો સ્વભાવ છે. મૃત્યુની વેદનાથી ભય પામો નહિ. તમે તો અમર આત્મા છો.

## મૃત્યુ પામેલા માટેની પ્રાર્થના

જીવાત્મા મૃત્યુ બાદ તરત જ થોડા સમય માટે મૂર્ચ્છાવસ્થામાં રહે છે; આથી તે પોતાના પહેલાના સ્થૂલ શરીરથી છૂટો પડ્યો છે. એમ તેને લાગતું નથી. આ સમયે તેના સગાંસંબંધી કે મિત્રોની પ્રાર્થના, કીર્તન અને શુભ વિચારો તેને સાચું સાંત્વન આપી શકે છે. આ શુભ ક્રિયાના શક્તિશાળી સ્પંદન દ્વારા મૂર્ચ્છિત જીવાત્મા શુદ્ધિમાં આવી પોતાની પૂર્વ સંજ્ઞાને પાછો પામે છે. અને તેને ખબર પડે છે કે હવે તે ખરેખર પોતાના સ્થૂલ શરીરમાં નથી.

ત્યારે જીવાત્મામાં પરલોકમાં જવા માટેની આકાશની સાંકડી પટ્ટી, જેને હિંદુઓ, વૈતરણી, પારસીઓ ગિજાતાનો પુલ અને મુસલમાનો સિરાત તરીકે ઓળખે છે તેને તે પસાર કરે છે.

જ્યારે પરલોક જનારો આ જીવાત્મા શાંતિથી દિવ્ય સ્વર્ગને માર્ગે મળવાની તૈયારીમાં હોય છે, ત્યારે પૃથ્વી પરના તેના સગાંવહાલાં ને મિત્રોના રોકકળાટ ને વિલાપથી તેને પૃથ્વી પરનું ભૌતિક જીવન યાદ આવે છે, અને વિલાપ કરતા સગાંસ્નેહીઓના શોકના વિચારો આ જીવાત્માના મનમાં પણ તેવા જ શોકનાં આંદોલનો ઉત્પન્ન કરે છે, આથી તેમના મનમાં ખૂબ બેચેની અને દિલગીરી ઉત્પન્ન થાય છે. આમ, સગાં સ્નેહીઓના દારુણ વિલાપ તેમને તેમના સૂક્ષ્મ સ્તરમાંથી નીચે ખેંચી લાવે છે; અને તેમના સ્વર્ગ પ્રત્યેના પ્રયાણમાં બાધકર્તા બને છે, માટે મરણ સમયનો રોકકળાટ મૃત્યુ પામેલાને માટે ભયંકર નુકસાનકર્તા બને છે.



## મૃત્યુ સમયના અંતિમ વિચાર

મનુષ્યના મૃત્યુ સમયના વિચાર તેના ભવિષ્ય માટે નિર્ણાયક બને છે. કામી વિષયી માણસનો છેવટના વિચાર સ્ત્રી સંબંધી જ આવવાના. પાકા દારૂડિયાને મૃત્યુ સમયે દારૂની પ્યાલી પીવાના જ વિચાર આવે છે કંજૂસ વેપારીને ત્યારે પૈસાનો જ વિચાર આવે છે. યુદ્ધભૂમિમાં લડતા સૈનિકને પોતાના શત્રુને મારી નાખવાનો જ વિચાર આવે છે. એકના એક પુત્રમાં અત્યંત આસક્ત માતાને મૃત્યુ સમયે પોતાના પુત્ર સંબંધી જ વિચાર આવવાના.

રાજા ભરતે દયાને વશ થઈ હરણના બચ્ચાંને ઉછેર્યું અને તેમાં તેને અત્યંત આસક્તિ ઉત્પન્ન થઈ. આથી તેને મૃત્યુ વખતે તે હરણના વિચાર આવતાં તેનો પોતાનો જન્મ પણ હરણનો થયો.

માણસ પોતાનું મન હંમેશાં ઈશ્વરમાં જોડી શાંતિથી મૃત્યુ પામવા ઇચ્છે છે. આ કારણથી જ માંદા માણસ પોતે બોલી શકે તેમ ન હોય છતાં તે સાંભળી શકે તેટલા માટે તેની પથારી પાસે ગીતા, ભાગવત, વિષ્ણુસહસ્ર નામ વગેરે પવિત્ર શાસ્ત્રનો મૃત્યુ સમયે પાઠ કરવાનો રિવાજ છે. આથી માંદા માણસને પોતાના શરીરના વિચારને પીડાને ભૂલી જઈ પરમાત્માને યાદ કરવાનો અવસર મળે છે. જ્યારે તેની સ્મૃતિ નાશ પામે છે ત્યારે આ શાસ્ત્રવાક્ય તેને પોતાના શુદ્ધ સ્વરૂપની યાદી અપાવે છે.

મૃત્યુ સમયે જ્યારે મનુષ્ય રોગથી ખૂબ પીડાતો હોય અને ભાન જવાની તૈયારીમાં હોય ત્યારે ઈશ્વરનું સ્મરણ રાખવું એ ઘણું મુશ્કેલ કાર્ય બને છે, પણ જે મનુષ્ય પોતાના આખા જીવન દરમ્યાન મનને સંયમ દ્વારા ખૂબ

કેળવ્યું હોય અને નિત્ય ધ્યાનાદિ દ્વારા નિયમ દ્વારા પોતાનું મન ઈશ્વરમાં જોડવાનો પ્રયાસ કર્યો હોય, તેને તો છેવટે ઈશ્વરનો જ વિચાર આવે છે. અઠવાડિયામાં કે મહિનામાં કોઇવાર એકાદ બે દિવસ પ્રયત્ન કરવાથી આ બની શકે નહિ. તે માટે તો આખી જિંદગી સતત પ્રયાસ ને પુરુષાર્થ કરવો પડે છે.

## મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચેનો ગાળો

મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચેનો નિશ્ચિત સમય જાણવાને માટે લોકો ખૂબ ઇચ્છા રાખે છે. જીવાત્મા મૃત્યુ બાદ એક વરસમાં નવું શરીર ધારણ કરે છે? તેને દસ વરસ લાગે છે? આ પૃથ્વી ઉપર આવતાં પહેલાં સૂક્ષ્મ સ્તરમાં કેટલો સમય રહે છે? આવા કેટલાક પ્રશ્નો લોકોને પજવે છે.

આનો નિર્ણય બે બાબતો પર આધાર રાખે છે. એક તો, જીવાત્માનાં કર્મ અને બીજું મૃત્યુ સમયના વિચાર, મન પરની છાપ. આ સમયનો ગાળો સેંકડો વરસથી માંડીને થોડા મહિના પણ હોઈ શકે. જેઓ સૂક્ષ્મ લોકમાં પોતાના કેટલાક કર્મનો ભોગ ભોગવી લે છે તેમને નવા શરીરમાં દાખલ થતાં પહેલાં ઠીક ઠીક સમય લાગે છે. આ ગાળો ઘણો લાંબો હોય છે કેમકે પૃથ્વી પરનો એક વરસ જેટલો સમય સ્વર્ગીય પ્રદેશના એક દિવસ જેટલો હોય છે. આ બાબતમાં એક દૃષ્ટાંત છે કે પરદેશના અમુક યાત્રીઓ કોઇ સુંદર સ્થાપત્યયુક્ત પ્રાચીન ભવ્ય ઇમારતના ખંડેરો જોઇને જ્યારે આશ્ચર્ય મુગ્ધ બની ગયા હોય ત્યારે પાસેના કોઇ સંતે કહ્યું કે, "આ લોકોમાંથી જ કેટલાકે સૈકાઓ પહેલાં શિલ્પકાર્ય કર્યું છે."

કોઈ તીવ્ર વાસના કે આસક્તિવાળો જીવાત્મા પોતાના



સંવેદનશીલ સ્વભાવ ને તીવ્ર ઇચ્છાને લીધે જલ્દી પુનર્જન્મ લે છે. કેટલાક જેમનું ખૂન કરવામાં આવ્યું હોય અથવા એકાએક અકસ્માતથી જેમનું મૃત્યુ થયું હોય તેવા જીવાત્મા પણ થોડા સમયમાં જન્મ લે છે. સામાન્ય રીતે આવા થનારા તરત પુનર્જન્મમાં જીવાત્માને પોતાના પુનર્જન્મના અનેક બનાવો પણ યાદ હોય છે. ત્યારે તે પોતાના અગાઉના સગાંસંબંધીઓ અને મિત્રોની ઓળખ કાઢે છે. ઉપરાંત જૂનું ઘર અને તેમાંની પરિચિત વસ્તુઓને જાણી લે છે.

આને લીધે ઘણીવાર કઢંગી પરિસ્થિતિ પણ ઉત્પન્ન થાય છે. એવા પણ દાખલા છે કે જેમાં જેનું ખૂન કરવામાં આવ્યું હતું તેવા પુરુષે પુનર્જન્મમાં પોતાના ખૂનની વાત જાહેર કરીને ખૂનીને પણ બતાવી દીધો હતો. કોઇવાર આવા જીવાત્માએ પોતાના પૂર્વ જીવનમાં દાટેલ ખજાનાને નિશ્ચિત સ્થાને જઇને શોધી કાઢવાના પણ દાખલા છે.

પણ ઘણા મોટા ભાગના લોકોમાં આવી પુનર્જન્મની યાદી હોતી નથી. સર્વજ્ઞ પરમાત્માની આ ખરેખર મોટી કૃપા છે. જો બધાને આ સ્મરણ રહેતું હોત તો લોકોનું જીવન ઘણું જ કલુષિત બની જાત. જ્યાં સુધી માણસ અજ્ઞાની છે ત્યાં સુધી તે પોતાનો ભૂતકાળ ભૂલી જાય એ જ તેને માટે ઇષ્ટ છે. જ્યારે તમે પૂર્ણ બનશો અને કલ્પને અંતે પ્રલયકાળ સુધી પહોંચશો ત્યારે બધું રહસ્ય તમને પ્રગટ થશે અને તમારા વ્યક્તિત્વને આધારે અનેકવિધ અનંત જીવનમાળને ગૂંથાયેલી જોશો.

પણ આવા તાત્કાલિક પુનર્જન્મના કિસ્સાઓ સામાન્ય નથી હોતા. સામાન્ય રીતે પૃથ્વી પરના વરસની ગણતરીએ એક સામાન્ય જીવાત્માને મૃત્યુ બાદ ફરીથી જન્મ લેતાં ઠીક

ઠીક સમય ચાલ્યો જાય છે. જે લોકોએ ખૂબ સત્કર્મ કર્યા હોય તેઓ પુનર્જન્મ લેતાં પહેલાં ઘણો સમય દિવ્ય પ્રદેશમાં પસાર કરે છે. આધ્યાત્મિક માર્ગમાં આગળ વધેલા મહાત્માઓને પુનર્જન્મ લેતાં પહેલાં ઘણો સમય રાહ જોવી પડે છે.

મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચેના સમયમાં, મૃત જીવાત્મા જો ખાસ કરીને તેણે આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરી હોય તો તે પ્રસંગ પડયે પૃથ્વી પર મૂર્ત સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. તે મનુષ્ય સ્વરૂપ લે છે, બોલે છે અને સ્પર્શ દ્વારા પણ તેનો અનુભવ થઇ શકે છે. આ પ્રેત સ્વરૂપનો ફોટો પણ લઈ શકાય છે.

આવું મૂર્ત્ત સ્વરૂપ એ સૂક્ષ્મ શરીર છે જે સામાન્ય દષ્ટિથી જોઈ શકાતું નથી; જુદી જ જાતનું હોય છે અને તેના દ્વારા મૃત્યુ બાદ જીવાત્મા પોતાની યાત્રા કરે છે.

પણ આ સૂક્ષ્મ શરીરના જ્ઞાન દ્વારા જીવાત્મા જન્મ-મૃત્યુથી મુક્ત થઈ શકતો નથી. તંત્રવિદ્યા અને પ્રેતવિદ્યાથી છેવટની મુકિત પામી શકાય જ નહિ. તેમજ તેનાથી પર-તત્ત્વનું રહસ્ય પણ જાણી શકાતું નથી. આમ સાક્ષાત્કાર દ્વારા જ જીવન મૃત્યુનો તેમજ મૃત્યુ પછીના જીવનનો ભેદ ઉકેલી શકાય.

## મૃત્યુથી ભય પામો નહિ

સંસારાકત મનુષ્યને મૃત્યુ ભયંકર લાગે છે, ત્યારે યોગી કે સંત કે સાચા સાધકને મૃત્યુનો ભય લાગતો નથી. વાસનાહીન મનુષ્ય મૃત્યુ વખતે કદી રોતો નથી. સિદ્ધ જ્ઞાની પણ કદી મૃત્યુ પામતો નથી. તેના પ્રાણ કદી ઉત્ક્રાન્તિ પામતા નથી.



આ પછીનું જીવન શાંતિથી પસાર થાય તે માટેની તૈયારી કરવી એ તમારી સૌથી મોટી ફરજ છે માટે મૃત્યુના ભયને તજી દો. મૃત્યુના ભય પર કાબૂ, મૃત્યુ પર કાબૂ એ બધી આધ્યાત્મિક સાધનાનો મુખ્ય ઉદ્દેશ છે. જરા પણ ભય વિના આનંદપૂર્વક મૃત્યુ સામે થવા શકિતમાન બનવું એ યોગસાધનાનું મુખ્ય ધ્યેય છે.

માણસ મૃત્યુથી ભય પામે છે. આથી વૃદ્ધાવસ્થામાં તે ઈશ્વરના વિચાર કરવા માંડે છે પણ જો નાનપણમાંથી જ તે ઈશ્વરનું સ્મરણ કરી તેના આદેશ અનુસાર ધર્મમય જીવન જીવે તો વૃદ્ધાવસ્થામાં તે બહુ જ સુંદર આધ્યાત્મિક પ્રગતિરૂપી પરિણામ મેળવી શકે.

ભીષ્મ પિતામહે પોતાની ઇચ્છા અનુસાર મૃત્યુને અટકાવી રાખ્યું. સાવિત્રીએ પોતાના પાતિવ્રત્યના પ્રભાવથી પોતાના પતિ સત્યવાનનું જીવન ફરીથી પ્રાપ્ત કર્યું. માર્કંડેય ઋષિએ ભગવાન શંકરની ભક્તિથી મૃત્યુ પર વિજય મેળવ્યો. તમે પણ ભકિત, જ્ઞાન અને બ્રહ્મચર્ય દ્વારા મૃત્યુ પર વિજય મેળવી શકો.

—*—

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

# અનુભૂતિ સંપન્ન પ્રભુનું પ્રેમગાન–૨

'કલ્યાણ'

( અનુ. જુન–'૮૮ )

તા. ૨૯/૩/૮૮ ની સંધ્યા ઢળી રહી છે. સૌને માટે પ્રેમ અને કરુણાની ભાગીરથી વહાવતા પૂ. મા પધારી રહ્યાં છે. મુખમંડળ પર બાલસહજ નિર્દોષ ભાવ એ નિખાલસ હાસ્ય સાથે રમી રહ્યો છે. હોલમાં પધારતા તપોધન એવા પૂ. માને સૌ પ્રેમી જનો ઊભા થઇને સત્કારે છે. વ્યાસપીઠ પર બિરાજતા પહેલાં પૂ. મા ગુરુદેવ પ્રભુને ઊંડા આદર સાથે પ્રણામ કરે છે. વાણીમાં પણ એજ ભક્તિભાવ નીતરી રહ્યો છે.

સર્વેશ્વરીના સ્વામી ને સખા સદ્‌ગુરુનાથ;
જીવનના આધાર છો યોગેશ્વર ભગવાન.
નમસ્કાર ચરણે કરું ભાવભક્તિથી આજ;
સર્વપ્રકારે રક્ષજો યોગેશ્વર ભગવાન.

પૂ. માને 'પ્રવચન' શબ્દ ભારે લાગે છે. સાચા અર્થમાં પૂ. માનો સત્સંગ એ કોઈ વિદ્વતાભર્યાં પ્રવચનો નથી. પરંતુ મસ્તીભર્યું પ્રભુનું પ્રેમગાન છે. એ વાણીમાં જે શ્રદ્ધા અને ભાવ મૂર્તિમંત થાય છે એ અંતરને સ્પર્શી જાય છે. પ્રવચનની કોઈ પૂર્વ તૈયારી પૂ. મા કદી કરતાં નથી. પ્રભુ જે બોલાવે તે અંતરમાંથી સ્ફૂરતું જાય છે. વાણીનો એ સહજ પ્રવાહ વહેવા માંડે છે. એ પ્રાર્થનાપ્રવાહમાં સ્નાન કરાવતાં પૂ. મા કહે, " હે પ્રભુ ! જીવન આંગણામાં પધારો ને ! આપ વિના જીવન આંગણું શું શોભે ? બધા જ જીવનમાં આવે પણ પ્રભુ તમે ન પધારો તો સૂનું સૂનું લાગે છે. " આ ભાવ વિરલ પાત્રમાંજ જાગે છે. જ્યાં આ ભાવ જાગી જાય છે–તે



સાચા અર્થમા જાગી જાય છે તેવા જીવનમાં ધન્યતાની બંસરી ગુંજી ઉઠે છે.

મારા જીવન આંગણે આવો હરિ,
મીઠી પ્રેમની બંસી બજાવો જરી;
મન મધુવનની ગલીએ ગલીએ,
પુનિત પગલી પાડો તમે–મારા.
પળ પળ વીતી જાય છે સાચે, વેગે વહેલા આવો તમે.
હૃદયાસન પર સ્નેહે બિરાજો, જીવન ભરના તાપ હરો–મારા.

પૂ. મા કહે " જ્યારે અંતરના અંતરતમમાંથી પ્રભુની કૃપા માટે તલસાટ જાગી જાય છે ત્યારે પ્રભુ જરૂર કૃપાનો અનુભવ આપે છે; અને જ્યારે પ્રભુ આવો પ્રેમાળ સ્પર્શ આપે ત્યારે તેને અંતરના ઉમળકાથી આવકારજો જેથી પ્રભુને ફરી ફરી આવવાનું ગમે. " પૂ. મા ગુરુદેવપ્રભુની કૃપાનો પ્રસંગ વર્ણવતાં કહે " વડોદરામાં પૂ. શ્રીના સત્કાર સમારંભ-માં અમારે ભજન ગાવાનું બન્યું. એ ભજનનો ભાવ પ્રભુને સ્પર્શી ગયો; સમારંભ પછી પૂ. શ્રીએ પ્રસન્ન થઇને મારા મસ્તક પર પોતાનો વરદ હસ્ત ફેરવ્યો. એ કૃપાના આનંદમાં અમારા પ્રાણના પરમાણુઓ પુલકિત બની ગયા. અમને આખી રાત ઊંઘ ન આવી. અંતરે ઓળખી લીધું કે પ્રભુ સાચા ભાવનો પડઘો પાડે છે. પ્રભુના એ પ્રેમભર્યા પ્રતિઘોષ પળેપળે પામવા અંતરની ચેતના ઝંકૃત થઈ ગઈ. અમે એ પ્રભુની કૃપાને વધાવવા સવા લાખ મંત્રજપનું અનુષ્ઠાન કર્યું. મહાપુરુષના પ્રેમાળ સ્પર્શથી જાગૃતિ આવી જવી જોઇએ. એ પરમ કૃપાને વધુને વધુ પામવા ધુણી ધખાવી દેવી જોઇએ. "

પૂ. મા કહે " સંતો જીવનમાં આવે તો તેનું યોગ્ય

સ્વાગત કરવું જોઇએ. પરંતુ તમસથી ઘેરાયેલું આપણું મન ઘણી વખત સંતકૃપાને ઓળખી શકતું નથી. અમે સુરતમાં આચાર્ય હતાં ત્યારે અમારા ટેબલ પર પૂ. શ્રીની તસ્વીર રાખતાં. અમારા સાથીદાર શ્રી સરયુબેન તે તસ્વીરને દરરોજ ફૂલનો હાર પહેરાવતા. એટલે તેમની સેવા જોઇને અમને એક દિવસ ભાવ થઈ આવ્યો અને તે પ્રભુની તસ્વીર તેમને ભેટ આપી. પણ બન્યું એવું કે સંસારની પળોજણમાં એ પ્રભુની તસ્વીરનો અનાદર થઈ ગયો. પુસ્તકો વચ્ચે કેટલાય દિવસો સુધી પડી રહી પણ સરયુબેનને એક સરસ ટેવ કે ઘેર પધારેલા સાધુને યોગ્ય સ્વાગત કરી પ્રેમપૂર્વક જમાડે. એમાં એક દિવસ સાચા સંતપુરુષ પધાર્યા. ભોજનાદિથી તેમને સંતોષ આપી કૃપા યાચના કરી. તે સંતપુરુષે તરત જ કહ્યું કે તમારી પર તો સંતકૃપા છે જ. સહજ મળેલી સંતકૃપાને કેમ વિસરી જાઓ છો ? કેટલાય વખતથી પુસ્તકો વચ્ચે દબાવી રાખેલી તે સંતપુરુષની તસ્વીરને ઊંડા આદર સાથે દેવસ્થાનમાં પધરાવો."

પૂ. મા આ દૃષ્ટાંત દ્વારા આપણને સૌને જીવન જાગૃતિના પાઠ ભણાવવા માગે છે. કવિ નાનાલાલ કહે છે તેમ "મારા નયણાંની આળસ રે, ન નીરખ્યા હરિને જરી" પૂ. મા આપણને ટકોર કરતાં કહે છે કે સહજ વરસેલી સંતકૃપામાં સ્નાન કરોને! પાછો અવસર કયારે આવશે ? જાગૃત નહીં થાઓ તો આળસરૂપી ઉધઇ આપણા જીવનસત્ત્વને ફોલી ખાશે.

પૂ. મા કહે "શબરીની જેમ પ્રભુની પ્રાણમાં પ્રતિષ્ઠા કરવી જોઇએ, પ્રભુ માટે અંતર પ્રેમની ભરતીથી ઉભરાઇ જવું જોઇએ. શબરી જેવો ભકિતભાવ આપણામાં કયારે



જાગશે ? જીવન તો ઝાકળના બિંદુની જેમ વિદાય થઇ જશે. આ ભવસાગર તરવા ભકિત એ અમોઘ સાધન છે. ભકિત એટલે પ્રભુમાં પરમપ્રેમ. સ્વરૂપના ગુણો આપણામાં પ્રકટે તો ભકિત પ્રકટી કહેવાય. જીવનમાં પ્રભુના ગુણોની પ્રતિષ્ઠા કરવી તે જ સાચી પૂજા છે. સ્વજનોમાં પણ પ્રભુનાં દર્શન કરવાં તે પણ પૂજા, દુખિયાની વહારે ધાવું તે પણ પૂજા. આંખથી મારાતારાની ભેદ દૃષ્ટિ દૂર કરવી તે પણ પૂજા, નિંદાટીકા બંધ કરી પ્રેમભરી વાણી બોલો તે વાણીની પૂજા. અંતરમાંથી રાગદ્વેષ દૂર કરી નામસ્મરણથી ગુંજન કરો તે પણ પૂજા જ છે. બાળકોને સુસંસ્કારો આપો તે બાલમુકુંદની પૂજા છે. મન અને હૃદય પર પ્રભુનું શાસન ચાલતું હોય તો સાચી ભક્તિ પ્રકટી એમ સમજવું. મહારાજ જનક, ભકત અંબરિષ, પ્રહ્લાદ, ધ્રુવ અને હનુમાનજી જેવા પ્રેમી ભકતોનું દરરોજ પાવન સ્મરણ કરો, જેથી મીરાંબાઇ કહે છે તેમ "ઉલટ ભઈ મોરે નયનકી" મારી આંખોની દૃષ્ટિ ઉલટી ગઇ છે. દિવ્ય લોચનિયાં ખૂલી ગયાં છે.

"પ્રભુ સઘળે બિરાજે રે, સૃજનમાં સભર ભર્યા;
નથી અણુ પણ ખાલી રે, ચરાચર માંહી ભળ્યા."

સંતનો સંગ જીવનમાં કેવું આમૂલ પરિવર્તન લાવે છે તે સ્વાનુભવ ટાંકતા પૂ. મા કહે, "અમે પૂ. શ્રી સાથે કેનેડાની યાત્રા પૂરી કરી ત્યારે કેટલાક પ્રેમીજનો અમને એરપોર્ટ પર વિદાય આપવા આવ્યા. વિદાયની પ્રણાલિ મુજબ કેટલાકે પૂ. શ્રીના હસ્તાક્ષર માગ્યા. બધાને એમ કે પૂ. શ્રી કંઇક મંત્ર કે માળાનો નિયમ આપશે અથવા સરસ સુવાકય લખી આપશે. એમાંના હર્ષદભાઇએ જયારે ડાયરી ધરી ત્યારે પૂ. શ્રી એ હસ્તાક્ષર લખી આપ્યા. હર્ષદભાઇને

સહજ આનંદ થયો. પૂ. શ્રીએ કહ્યું વાંચો શું લખ્યું છે? હર્ષદભાઈ સમીસમી રહ્યા! ઘડીભર થયું આ હસ્તાક્ષર ક્યાં માંગ્યા! પૂ. શ્રીએ તરત જ કહ્યું કે તમારા પત્નીને વાંચવા આપો. એમના પત્નીને પૂછ્યું કે બેન આ બરાબર છે? તેમના પત્ની કહે હા પ્રભુ! બરાબર છે. પૂ. શ્રીએ હસ્તાક્ષરમાં લખ્યું હતું "દરરોજની છ બોટલ છોડો." પૂ. શ્રીએ કહ્યું બેન તમે એમનું ધ્યાન રાખજો કે તેઓ હસ્તાક્ષરનો નિયમ પાળે છે કે નહીં. પૂ. શ્રીએ કહ્યું કે અમારી પાછળ જે પરમશકિત ઊભી છે તે આ લખાવે છે. તમારા હિત માટે છે માટે વળગી રહેજો. હર્ષદભાઇએ તે આદેશ જીવનમાં આચરી બતાવ્યો. હર્ષદભાઇ સહિત તેમના પત્ની અને બાળકોને ખૂબ આનંદ થયો. જીવનમાં એક સાત્ત્વિક આનંદની આભા ફરી વળી. જીવનમાં સંપત્તિ આવે તે સુખ અને શાંતિ માટે નહિ કે વિલાસ માટે. દેશ કે પરદેશમાં દારૂ તે દૈત્ય છે. એક તો જીવન જ પાણીના પરપોટા જેવું અને તેમાં વળી આપણે તેના પર વ્યસનોના હથોડા ઝીકીએ તો પછી શું બાકી રહે? એટલે પાન, બીડી, ફાકી, તમાકુ કે બોટલ જે વળગ્યું હોય તે છોડજો. સાત્ત્વિકતા તરફ વળો અને પ્રભુના સામ્રાજ્યમાં પ્રવેશો."

પૂ. મા શબરીનો ભક્તિપ્રસંગ વર્ણવી રહ્યાં છે. પૂ. મા કહે "મંત્રજાપમય દૃઢ વિશ્વાસા. વિશ્વાસપૂર્વક જે રામનામનું રટણ કરે છે તે જરૂર પ્રભુની કૃપાને પામી જાય છે, શબ્દમાં ઘણી શક્તિ છે, નામ અને નામીમાં એકતા છે." પૂ. મા પૂ. મોટાનો જીવનપ્રસંગ વર્ણવતાં કહે "એક વખત હરિજન સેવા સંઘના કામે જતાં રસ્તામાં એક ખેતરમાં સૂવું પડ્યું. રાત્રે ભયંકર સાપે દંશ દીધો. પૃ. મોટા તો હરિ ૐ, હરિ ૐ જપવા લાગ્યા. સામે મોત ઊભું હતું છતાં



નામજપમાંથી મનને હટવા ન દીધું. પ્રભુમાં અડગ વિશ્વાસ તેથી દવા માટે દોડાદોડી ન કરી. આખરે વિશ્વાસનો વિજય થયો. સાપના ભયંકર ઝેરને પણ પ્રભુએ પચાવી દીધું. નવજીવન મળ્યુ એટલે 'અબ તો મેરો રામનામ દૂસરો ન કોઇ.' એ મહામંત્રને સહારે જીવન સાગરમાં ઝુકાવ્યું અને તરી ગયા. હરિ ૐ હરિ ૐના નાદથી ગુજરાતને ગજવી મૂક્યું."

પૂ. મા પૂ. શ્રીના સાધનામય જીવનનો પ્રસંગ વર્ણવતાં કહે "એક વખત હિમાલયના જંગલોમાં પૂ. શ્રી સાંજના સમયે શ્રી ચંપકભાઇ સાથે ફરવા જતા હતા. એકજ પાતળી કેડી હતી, સામેથી તેજ કેડી પર જંગલી રીંછ આવતું હતું. ભાગવાનો સમય ન હતો. જેમણે પ્રભુને ચરણે જીવન સમર્પિત કર્યું હોય તેને સંકટ સમયે બીજું શું યાદ આવે? હરિ ૐ હરિ ૐની ગર્જના કરતાં હાથમાંની લાકડી પથ્થર પર પછાડી કે જાણે ચમત્કાર સર્જાયો! હરિ ૐની ગર્જના સાથે જ રીંછ ઉછળીને પાસેની ખીણમાં ગબડી પડ્યું. એટલે અમે પણ એજ રામનામનો વેપાર માંડ્યો છે."

નામનો વેપાર કરીએ અમે નામનો વેપાર
એક એવા નામનો વેપારજી.

પૂ. માએ આજે પૂ. શ્રીના જીવનમાં બનેલો પ્રભુકૃપાનો અદ્ભુત પ્રસંગ વર્ણવતાં કહ્યું "સાધનામય જીવન દરમ્યાન એક વખત ટીહરી જતાં હિમાલયના ઘોર જંગલોમાંથી પસાર થવાનું બન્યું. ગંગાકિનારે પગપાળા ચાલતાં રસ્તામાં રાત પડી ગઇ. વિચાર્યું કે હવે આ ગંગાકિનારે નામસ્મરણ કરતાં આખી રાત પસાર કરીશું. એ દિવસોમાં પૂ. શ્રી ઊંઘ લેતા નહિ. પ્રભુદર્શનની એવી લગની કે શરીરના ગુણધર્મો ભૂખ, તરસ કે ઊંઘ પણ વિસરાઇ ગઈ. શેતરંજી પાથરીને

આસન જમાવવાની તૈયારી કરતા હતા ત્યાંજ બે પહાડી માણસો જાણે અંધારામાં ઉપસી આવ્યા. તેઓએ કહ્યું કે આ ભયંકર જંગલમાં આપ એકલા રહી શકશો નહિ. જંગલી જાનવરોનો અહીં ત્રાસ છે. પૂ. શ્રીએ કહ્યું કે અમે તો પ્રભુ-પર વિશ્વાસ રાખીને નીકળ્યા છીએ. તે જ રક્ષા કરશે. પહાડી લોકો ખૂબ આગ્રહ કરી ટેકરી પર આવેલા પોતાના નાનકડા ગામમાં લઈ ગયા. ત્યાં ગરમગરમ રસોઈ કરી જમાડ્યા. રાત્રે સત્સંગ કર્યો. સવારે ફરીવાર જમાડી ટીહરીના રસ્તે તે લોકો પૂ. શ્રીને મૂકી ગયા. પૂ. શ્રી થોડું ચાલ્યા ત્યાં સામેથી ગાયો ભેંસો ચારતો એક ભરવાડનો છોકરો મળ્યો. ભરવાડે પૂછ્યું કે બાપુ! આટલી વહેલી સવારે કયાંથી આવો છો? પૂ. શ્રીએ કહ્યું કે પાસેના ગામમાં રાત રોકાયો હતો. તેથી વહેલી સવારે ટીહરી જવા નીકળ્યો છું. ભરવાડને આશ્ચર્ય થયું, તેણે કહ્યું કે તમારું મગજ તો ઠેકાણે છે ને! અમે તો અહીં વર્ષોથી રહીએ છીએ. અહીં આસપાસમાં કોઇ ગામ નથી. પૂ. શ્રીએ કહ્યું કે અમારું મગજ ઠેકાણે જ છે. આ સામેના જ ગામમાં રાત રહ્યા હતા, એમ કહી જ્યાં પાછું વળી જુએ છે તો ત્યાં નથી ગામ કે કોઈ વસ્તી. પૂ. શ્રી પ્રભુની અદ્‌ભુત લીલાનું સ્મરણ કરતાં કરતાં ટીહરીના રસ્તે ચાલ્યા. તો પ્રભુનું જેમણે શરણું લીધુ છે તે ભકતોની પ્રભુ સર્વપ્રકારે સંભાળ રાખે છે."

"જેના જીવનમાં શ્રદ્ધા જાગી, હરિ સાચવે તેને હેત ધરી."

પ્રભુની કૃપાના પ્રસંગો વર્ણવતાં પૂ. માને જાણે અજબનો કેફ ચડે છે. એ પ્રભુની પ્રેમ મસ્તીમાં એવા તો મસ્ત બની જાય છે કે શરીરનો તો જાણે છેદ ઊડી જાય છે. શરીર ભૂખ, તરસ, ઊંઘ અને આરામની ઉઘરાણી કરે છે પરંતુ પૂ. મા



પ્રભુને એટલા તો ઓવર ડ્રાફ્ટ લખી આપે છે કે શરીરને ચૂકવવાનું કંઇ બાકી રહેતું નથી. જેમણે આવા ઓવર-ડ્રાફ્ટો લખ્યા હોય તેની હૂંડી પણ ભગવાનને કયારેક સ્વીકારવી પડે જ ને! ડ્રાફ્ટ લખવાને બદલે સીધો રોકડા જ ચૂકવવા દોડ્યો આવે છે. પૂ. માએ પ્રભુકૃપાનો આવો અનેરો સ્વાનુભવનો રસાસ્વાદ સૌને ચખાડ્યો.

પૂ. માએ પ્રસંગ વર્ણવતાં કહ્યું "અમે બે વર્ષ પહેલાં જગન્નાથજીની યાત્રાએ બીજી વખત જઈ આવ્યા. કલકત્તા પહોંચ્યા ત્યારે અંતરમાં એવી સહજ પ્રેરણા થઇ કે અહીંથી પશુપતિનાથ પ્રભુ નજીક છે. તો નેપાળ જઇ તેમના પણ દર્શન કરતાં જઇએ. પૂ. માએ આ વાત સહયાત્રીઓને જ્યારે જણાવી ત્યારે બધા અચંબામાં પડી ગયા કારણકે અમદાવાદથી નીકળ્યા ત્યારે પશુપતિનાથની યાત્રાનો આ યાત્રામાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો, અને પશુપતિ-નાથની યાત્રા તો કલકત્તાથી પ્લેનમાં કરવી પડે તેથી ખર્ચ પણ ખૂબ વધી જાય. કોઈ યાત્રિકોએ આ વધારાના ખર્ચની જોગવાઇ પણ રાખી ન હતી. તેથી પૂ. માએ જ્યારે આ અચાનક નવી યાત્રાની દરખાસ્ત મૂકી ત્યારે તેમાં જોડાવા કોઇ માનસિક રીતે તૈયાર ન હતા. બધા મનમાં મૂંઝાતા હતા. પૈસા વિના આ યાત્રા કેવી રીતે પાર પડશે? બધાએ વિચાર્યું કે આવતી કાલે પૂ. માને આપણે મનાવી લઇશું કે અમે પૈસાની સગવડ કરીને આવ્યા નથી તો આ યાત્રા મુલતવી રાખીએ. બીજે દિવસે બધાએ પૈસાની મુશ્કેલીની વાત કરી છતાંપણ પૂ. મા તો પશુપતિનાથ જવા મક્કમ હતા. પૂ. માએ પોતાના અને યાત્રિકો પાસેના કુલ પૈસાનો સરવાળો કરી જોયો તો પણ ખર્ચની રકમ ખૂટતી હતી. હવે સહયાત્રિઓ જોશમાં આવ્યા કે મા, આ નવી યાત્રા

બંધ રાખો, પછી કયારેક વાત ! પણ મા જેનું નામ ! લીધેલા નિર્ણયમાં પાછી પાની કરે તે આ 'મા' નહીં. પૂ. માએ તો અફર નિર્ણય આપી દીધો કે આવતી કાલે આપણે જવાનું જ છે ! બધા કહે પણ... પૂ. મા કહે કે પણ બણ કંઈ નહી, જવાનું એટલે જવાનું. પ્રભુ કંઈક રસ્તો જરૂર કરશે જ." પૂ. મા સાધનાની કઈ ભૂમિકાએ વિહરી રહ્યા છે તે તાગ પામી શકાય તેમ નથી. બુદ્ધિને વલોવી નાખો તો પણ એમાં કંઈ ચાંચ ડૂબે નહી. એવું અનુભવે જાણ્યું છે કે પૂ. માના બધા જ નિર્ણયો પરમશકિતથી પ્રેરિત હોય છે. તે એક અને આખરી હોય છે. ગમે તે ભોગે, ગમે તેવા સંજોગોમાં પૂ. મા તે પરમ શકિતના આદેશને વળગી રહે છે. પશુપતિનાથની યાત્રાનો નિર્ણય પણ પ્રભુની એ પરમશકિતનો હતો તેથી પૈસા ન હોવા છતાં પણ એ અડગ શ્રદ્ધામાં લેશમાત્ર આશંકા જન્મી નહીં, અને જ્યારે એ પરમશક્તિની અદ્ભુત, અલૌકિક, ગેબી સહાયની પૂ. માએ વાત કરી ત્યારે એ નર્યા સત્યને ફાટી આંખે જોવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. પૂ. માએ કહ્યુ "સાંજે જ્યારે અમે અમારી સુટકેશ ખોલી તો અમારા આશ્ચર્ય વચ્ચે અમે સાથે લીધેલા રૂપિયા પાંચહજાર સાથે બીજા રૂપિયા વીસહજારના બંડલો પડ્યાં હતાં. આ કોઇ ગપગોળાની વાત નથી, અમારા અનુભવની વાત છે" પશુપતિનાથની યાત્રા પાછળ બીજું પણ અલૌકિક રહસ્ય છુપાયું હતું, તેની પાછળથી ખબર પડી. પૂ. માએ કહ્યુ "જ્યારે અમે જગન્નાથજી પહોચ્યાં ત્યારે ત્યાંના લોકોએ કહ્યુ કે સારું થયું તે તમે આજે આવ્યાં. ગઇકાલ સુધી તો એક અઠવાડિયાથી અહીં સતત વરસાદ હતો; એટલે જગન્નાથજી મોડા લાવવામાં પણ એજ પરમશકિતનો નિર્ણય કામ કરતો હતો. અમે ખટમંડુથી કલકત્તા એરપોર્ટપર



ઊતર્યા ત્યારે ત્યાંના એરપોર્ટ અધિકારીએ જાહેર કર્યું કે આ છેલ્લીજ ફ્લાઈટ હતી હવે કોઈ પણ ફ્લાઇટ ખટમંડુ જશે નહિ અને ત્યાંથી કલકત્તા આવશે નહીં. સતત વરસાદ પડી રહ્યો હોવાને લીધે વેધર ખરાબ છે. જો ખટમંડુથી અમારું પ્લેન સમયસર ન ઊપડે તો અમારી આખી રિટર્ન અમદાવાદ સુધીની યાત્રા રદ્દ થવાની હતી કારણકે કલકત્તાથી જગન્નાથપુરી અને ત્યાંથી અમદાવાદ સુધીની ટિકિટોનું બુકિંગ થઈ ગયું હતું. આમ આ અમારી પશુપતિનાથ અને જગન્નાથપુરીની સમગ્ર યાત્રાનું અલૌકિક સંચાલન પરમશકિત દ્વારા થયું હતું તેમાં કોઈ શંકાને સ્થાન નથી."

આવા ઉઘાડા સત્યના અનુભવ પછી પણ જીવને શિવમાં શ્રદ્ધા જાગતી નથી. હજુએ જીવ સમુદ્રની નાવની જેમ ડગુમગુ થયા કરે છે. પૂ. માએ એ રસિક પ્રસંગનું રસપાન કરાવતાં કહ્યુ "અમે કલકત્તાથી અમદાવાદ આવવા તા. ૨ ના રોજ ઊપડવાનો નિર્ણય અગાઉથી આપી દીધો. પરંતુ અમારા સહયાત્રીઓને થયું કે મા એક દિવસ કલકત્તામાં અમસ્તું પડયું રહેવું તેના કરતાં તા. ૧ ના રોજ નીકળી જઈએ તો સારું. અમે તો અમારો નિર્ણય આગળ જણાવી દીધો હતો છતાં સહયાત્રીઓના આગ્રહને વશ થઈ બધો જ સામાન લઈને સ્ટેશન પર આવી પહોંચ્યા. હાવરા ઉપડવાનો સમય થયો છતાં ટ્રેઈન પ્લેટફોર્મ પર આવી નહીં. બધા મૂંઝાયા કે કેમ આવું થયું ? ત્યાં થોડી વારમાં બોર્ડપર લખાણ વાંચવા મળ્યું કે આજનો હાવરા કેન્સલ છે, કાલે ઊપડશે. બધા આખી રાત સ્ટેશન પર સામાન સાથે બેઠા, અમે ઉતારા પર ગયા. બીજે દિવસે સાંજે જ્યારે હાવરા ઊપડ્યો ત્યારે અમે યાત્રિકોને પૂછયું કે આજે કઇ તારીખ છે ? જવાબમાં વિજયનું સ્મિત તો કયાંથી ફરકાવી શકે ? એ

પરમશક્તિને હાથ જોડીને નમન કર્યા વગર કયાં છૂટકો હતો !"

પ્રભુના થઇએ તો પ્રભુ કેવી કૃપા વરસાવે છે, પ્રભુનો એ પ્રેમાળ સ્પર્શ કેટલો આહ્‌લાદક છે, તે પૂ. માના શ્રી મુખે સાંભળવું એ જીવનની પરમ ધન્યતા છે. પૂ. મા પ્રભુના ગુણગાન ગાતાં અને ગવડાવતાં કયારેય થાકતાં નથી; એટલે તો પૂ. મા લખે છે.

"હરિનામ લેવામાં મોજ ઘણી
તે સર્વેશ્વરીએ માણી ઘણી"

પૂ. મા મોરબી પધાર્યાં તે સાથે સાથે જે શ્રદ્ધાવાન જીવોએ પૂ. માને પોતાના હૃદયાસન પર પધરાવ્યા તેઓએ જાણે જીવનની એક અમૂલ્ય તકને લૂંટી લીધી. પ્રભુ આ રીતે સંતોના સ્વરૂપે પધારે છે. પણ આપણી જાગૃતિના અભાવે આપણે તેમને ઓળખી શકતા નથી પછી મંદિરોમાં ફાંફાં માર્યા કરવાથી શું વળે ? આવી સુવર્ણતકને આપણે કયારે ઓળખીશું ? એટલે જ પાનબાઇએ આપણને સૌને ચાબખો માર્યો છે.

"વીજળીના ચમકારે મોતી પોરવો રે પાનબાઇ
નહીં તો અચાનક અંધારા થાશે રે"

(સંપૂર્ણ)

—※—

તન, મન, ધન, અને વર્તનની તંદુરસ્તી એ પૂર્ણ તંદુરસ્તી છે.

આત્માને જાણવો એ જ જીવનનું અંતિમ ધ્યેય રાખો.

ભગવાનની આજ્ઞાનુસાર પોતાને જે પાઠ સોંપ્યો હોય તે પ્રમાણે વેશ ભજવવો એજ નિષ્કામ કર્મ છે.



# યોગી રામૈયા

મૂળલેખક:–પૂ. યોગેશ્વરજી
રજૂઆત:–ઉપેન્દ્ર કે. ઝિંઝુવાડિયા

( જુલાઇ '૮૮ નું અનુ. )

## રમણ-મહર્ષિના ભક્તો

બ્રન્ટનનું સદ્‌ભાગ્ય એટલું પ્રબળ અને એમના પૂર્વસંસ્કારો એટલા બધા ઉત્તમ અને પ્રાણવાન કે એમને રામૈયા જેવા કૃતકામ મહાયોગી સામેથી જ આવી મળ્યા અને એમના જીવનમાં અનુગ્રહની અમૃતમય વર્ષા વરસાવવા લાગ્યા. બ્રન્ટને એમના અનુગ્રહ બદલ પોતાના જીવનને ધન્ય માન્યું. એમણે પોતાના પ્રખ્યાત પુસ્તકમાં રામૈયાને આપેલી આદર-પૂર્ણ અંજલિ પરથી સહેજે અનુમાન કરી શકાય છે કે એમનાથી એ કેટલા બધા પ્રભાવિત થયા છેઃ-યોગી રામૈયા ભારતવર્ષના ઉચ્ચ આધ્યાત્મિક આકાશના એક અત્યંત જાજ્વલ્યમાન તારક હતા. એ એક આદર્શ સંત અથવા સમર્થ સાધક તથા પ્રતાપી સિદ્ધપુરુષ હતા એમાં શંકા નથી.

ગુરુએ એમને ઘેર પાછા ફરવાનો ને ત્યાં રહીને જ સાધના કરવાનો આદેશ આપ્યો. વચ્ચે–વચ્ચે પોતે દર્શન આપતા રહેશે એવી ખાતરી આપી. એ આશ્વાસન આપવા સાથે રામૈયા પાછા ફર્યા અને એમને માટે પાછા ફરવા સિવાય બીજો વિકલ્પ નહોતો.

ઘેર પાછા ફરીને એમણે અત્યંત ઉત્સાહપૂર્વક જપ તથા સાધના પ્રાણાયમની તીવ્ર સાધના કરવા માંડી. સાધનાનો પ્રવાસ કષ્ટસાધ્ય હતો. એમાં એકલે હાથે જ આગળ વધવાનું હતું. પરંતુ એમનામાં એ માટેની જરૂરી હિંમત, ધીરજ,

લગન, પુરુષાર્થ અને શ્રદ્ધા હતી. એ પ્રાણાયામ અને જપ સાથે ધ્યાનનો અભ્યાસ પણ કરવા લાગ્યા. એમને માટે બ્રહ્મચર્યપાલન સ્વાભાવિક બની ગયું. આહાર પણ ખૂબ જ સાત્ત્વિક અને સૂક્ષ્મ હતો. ઉપરાંત સાધકોને માટેના બીજા આવશ્યક નિયમોના પાલનમાં એ સદા જાગૃત રહેતા હોવાથી થોડાક સમયમાં તો એમને સમાધિની આશીર્વાદરૂપ ઉત્તમોત્તમ અવસ્થાની પ્રાપ્તિ થઈ. એ અલૌકિક અનુભવથી એમનું જીવન ધન્ય બન્યું. એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

સૌથી પહેલાં કેટલાક સમય સુધી નાકના ટેરવા પર અને પછી ભ્રમરની મધ્યમાં આજ્ઞાચક્ર પર ધ્યાન કરતાં કરતાં એમને સૂર્ય, ચંદ્ર તથા રામની ઝાંખી થઈ. એ દૃશ્યો વારાફરતી ઉત્પન્ન થઈને આપોઆપ વિલીન થઈ ગયાં. પોતે દૃષ્ટા બનીને એમના અવલોકનનો આનંદ લેતા રહ્યા. છેવટે એ દૃશ્યો શાંત થઈ ગયાં અને એક પરમ પ્રકાશમય પદાર્થ જ શેષ રહ્યો. એ પ્રકાશની પાછળ કશું અનુભવવાનું શેષ ના રહ્યું. સમાધિની અનોખી અવસ્થામાં બીજા બધાં રૂપોનો લય થઈ જતાં કેવળ આત્મતત્ત્વ જ અવશિષ્ટ રહ્યું. દૃષ્ટા અને દૃશ્યોનો બાહ્ય ભેદ મટી ગયો. એ અનુભૂતિને વધારે સ્પષ્ટતા-પૂર્વક સમજવા માટે એમણે કેટલાક વિદ્વાનો સાથે ચર્ચા–વિચારણા કરી જોઈ પરંતુ તેમના મનનું સમાધાન ના થયું. પંડિતો આત્માની એ અપરોક્ષ અનુભૂતિના રહસ્યનો ઉકેલ ના કરી શકયા. એવા ઉકેલનું સામર્થ્ય એમનામાં કેવી રીતે હોઈ શકે ? એવો ઉકેલ તો કોઈક આત્માનુભૂતિ સંપન્ન સત્પુરુષ જ કરી શકે, એવા પ્રાતઃસ્મરણીય સત્પુરુષનો સમાગમ પર-માત્માની પરમકૃપા વિના થવો મુશ્કેલ છે. રામૈયાની શ્રદ્ધા હતી કે એવો સમાગમ પણ સુયોગ્ય સમય પર થઈ રહેશે. અને એમની એ શ્રદ્ધા ફળી પણ ખરી.



એમને એક દિવસ ધન્ય ઘડી ને ધન્ય પળે મહર્ષિની માહિતી મળી. એમને અતિશય આનંદ થયો અને એ તિરૂવણ્ણામલૈ જવા તૈયાર થયા. મહર્ષિના દર્શનથી એમને સંતોષ થયો. એમની પાસે બેઠેલા ગણપતીશાસ્ત્રી આગળ એમણે પોતાની શંકા રજૂ કરી તો શાસ્ત્રીએ જણાવ્યું:-

"દૃષ્ટા અને દૃશ્ય એક નથી, અલગ–અલગ છે. રામૈયાને એ કથનથી સંતોષ ના થયો. એમણે મહર્ષિ તરફ જિજ્ઞાસા-પૂર્વક જોયું એટલે મહર્ષિ બોલ્યા. "સામાન્ય વ્યાવહારિક જગતમાં સાધારણ મનુષ્યને માટે દૃષ્ટા અને દૃશ્ય અલગ–અલગ છે એ સાચું છે. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે સમાધિમાં એ બન્ને એક થઈ જાય છે. એમાં ભેદ રહેતો નથી."

એ શબ્દોથી રામૈયાને શાંતિ થઈ. એમને ખાતરી થઈ કે મહર્ષિ એક મહાન અનુભવી સંતપુરુષ છે અને અનુ-ભૂતિની ઉચ્ચોચ્ચ ભૂમિકાએથી બોલી રહ્યા છે. પોતાના અતીન્દ્રિય અનુભવ સાથે સરખાવતાં એ શબ્દો એમને સંપૂર્ણ સાચા લાગ્યા. એ દિવસથી એ મહર્ષિને પોતાના પરમ માર્ગદર્શક અથવા ગુરુ માનવા માંડ્યા. મહર્ષિની લોકોત્તરતા એમનાથી છુપી ન રહી.

રામૈયા મહર્ષિ પાસેથી એક અપરોક્ષાનુભૂતિ સંપન્ન મહાપુરુષના મિલનના ઊંડા સંતોષ સાથે પાછા ફર્યા. એ મિલન એમના જ્યોતિર્મય જીવનમાં ચિરકાળને માટે જડાઈ ગયું. પછી તો વર્ષનો અમુક ભાગ એ ઘેર ગાળતા અને બીજો ભાગ મહર્ષિના સુંદર એકાંત આશ્રમમાં એમના સાંન્નિધ્યમાં પસાર કરતા.

મહર્ષિ માટેનો એમનો પ્રેમ તથા પૂજ્યભાવ ઉત્તરોત્તર

વધતો જ ગયો. અને અતૂટ બન્યો. એ પોતાનો મોટા ભાગનો સમય સાધનામાં જ વિતાવતા. મહર્ષિ એમની ઉપર એમની વિશેષ યોગ્યતાને લીધે ખાસ પ્રેમ રાખતા. એ પ્રેમને લીધે જ એમણે એમની તામિલ કવિતાઓ ‘ઉપદેશસાર’ તથા ‘ઉલ્લતુનાર્પતુ’ નો તેલુગુ ભાષામાં અનુવાદ કરેલો. રામૈયાની શ્રદ્ધાભક્તિ અજબ હતી. મહર્ષિની સંન્નિધિ અને સેવામાં એમને આનંદ આવતો. પાલીતીર્થને સુવ્યવસ્થિત કરવામાં અને આશ્રમને તૈયાર કરવામાં એમણે અસાધારણ ઉત્સાહ અને રસ દર્શાવ્યા ને ધનની શકય તેટલી બધી જ મદદ કરી.

---

*** નોંધ ***

અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણભાઈ જાની વિદેશ યાત્રાએથી સપ્ટેમ્બર માસમાં સ્વદેશ પાછા આવી રહ્યા છે. પ. પૂ. માતાજી જ્યોતિર્મયીના લીલા સંવરણ દિન તા. ૪–૧૦–૧૯૮૮ અમદાવાદમાં કાર્યક્રમ રાખેલ છે. આ પ્રસંગે શ્રી નારાયણભાઇ પ. પૂ. મા સર્વેશ્વરીની વિદેશ યાત્રા અંગેનો વાર્તાલાપ રજૂ કરશે તેમ જ આ પ્રસંગે પરદેશની વિડિયો-કેસેટ પણ બતાવવામાં આવશે. કાર્યક્રમ અંગેની વિશેષ માહિતી માટે શ્રી બાબુભાઇ વ્હોરા, ૩૧, ગવર્મેન્ટ કોલોની, નવરંગપુરા, અમદાવાદનો સંપર્ક સાધવો. શ્રી બાબુભાઇનો ફોન નં. ૪૦૪૦૧૯ છે.

---



# વિચાર અને આચાર

**શ્રી યોગેશ્વરજી**

એક ઠેકાણે એક પંડિત પ્રવરનું પ્રવચન ચાલી રહેલું. પંડિત પ્રવરનું પ્રવચન અત્યંત આકર્ષક, અવનવું, આહ્લાદક હતું. શ્રોતાઓ એથી મંત્રમુગ્ધ બની ગયા. પ્રવચનની પૂર્ણાહુતિ સમયે પંડિત પ્રવરે એકાદશી વિશે વિસ્તારથી વિવરણ કર્યું. એ સાંભળીને શ્રોતાઓની પ્રસન્નતાનો પાર ના રહ્યો. વિદાય વખતે એમનામાંના થોડાક શ્રોતાઓએ એમને અભિનંદન આપીને જણાવ્યું કે તમારું પ્રવચન ખૂબ જ સારું હતું. એકાદશી ના કરતા હોય એમને પણ કરવાનું મન થઇ જાય એવું. તમે તો એકાદશી કરતા જ હશો. આજે જ એકાદશી છે. પંડિત પ્રવરે પ્રત્યુત્તર આપતાં કહ્યું કે મેં તો એકાદશી નથી કરી. નથી કરી ? ના. તો તમે બોલો છો તો ખૂબ જ સુંદર રીતે. પંડિત પ્રવરે કહ્યું કે ઉપવાસ કરું તો મારાથી પ્રવચન સારી રીતે થઈ શકે જ નહીં.

શ્રોતાઓ પર એ શબ્દોની અસર થોડીક વિપરીત થઇ. એમણે કહ્યુ કે તમે એકાદશીનો ઉપદેશ આપીને અથવા એકાદશીનો મહિમા સંભળાવીને પણ એકાદશી નથી કરતા તો અમે શા માટે કરીએ ? કેટલાકે કહ્યું કે એ એકાદશી-વ્રત ના કરતા હોય એમાં આપણે શું ? આપણે તો એને ઉપયોગી માનીને કરવું જ જોઇએ. તો પણ મોટાભાગના શ્રોતાઓ પર પંડિતપ્રવરના પ્રવચનનો પ્રતિકૂળ પ્રભાવ પડ્યો.

મોટા મનાતા માનવો જેને આદર્શ, ઉપયોગી કે પ્રમાણભુત સમજતા હોય એને આચારમાં ઉતારવાનો, અનુસરવાનો

કે એ પ્રમાણે ચાલવાનો પ્રયાસ ના કરે તો અન્ય માનવો પર એમનો પ્રભાવ જોઇએ તેટલો ના પડી શકે. પ્રભાવ જેટલો વાણીનો ને વિચારનો નથી પડતો એટલો આચારનો પડે છે. આચાર વિનાના વિચાર ધારી અસર નથી ઉપજાવી શકતા. એથી ઉલટું ઉત્તમ આદર્શો કે સિદ્ધાંતો કે વ્રતોનું પરિપાલન બીજાને માટે પ્રેરક તથા પથપ્રદર્શક ઠરે છે. માટે જ ગીતામાં કહ્યું છે કે ઉત્તમ માનવોએ ઉત્તમ જીવન જીવવાનો આગ્રહ રાખવો જોઇએ.

આજે આપણા સમાજમાં જે આચારની અવ્યવસ્થા, સંકરતા ને શિથિલતા દેખાય છે તેને દૂર કરવી હોય તો સમાજના શ્રેષ્ઠ મનાતા, અગ્રગણ્ય ગણાતા, માનવોએ જીવનનું પરિશોધન કરવું પડશે; માનવતાનાં મૂલ્યોને વળગી રહેતાં અને આદર્શોનું આચરણ દ્વારા જીવની જેમ જતન કરતાં શીખવું પડશે. જીવનનાં સઘળાં ક્ષેત્રોમાં જવાબદાર ઉચ્ચાસને બેઠેલા પુરુષો જો એવું કરવા માંડશે તો એની અસર સર્વ-સાધારણ જનતા પર પણ પડ્યા વિના નહીં રહે ને સમસ્ત સમાજમાં નવજીવનની અવનવી પવન-લહેરી ફરી વળશે.

—✻—

સાત્વિક કાર્યોરૂપી સંપતિ છેક પરલોક સુધી તમારી સાથે જ રહેશે.

વિષયોની નાનકડી વાસના પણ શાંતિના સૂર્યને ઊગવા દેશે નહિ.

બીજા માણસોની રૂબરૂમાં તમારા પુત્ર, પુત્રી, ભાઇ, પત્ની, નોકર યા તમારાથી નીચી કક્ષાના કોઇપણ માણસનું અપમાન ન કરવું.



( પૃષ્ઠ ૧૬ નું ચાલું )

માની અનુભૂતિની અને બીજી પૂ. માની કલમ ચાલવાની.

અનુભૂતિ ક્ષેત્રે પૂ. માને અતિ તેજોમય પ્રકાશનું દર્શન અને તે પછી હનુમાનજી, જગદંબા અને એક અપરિચિત સંતનું દર્શન જાગૃતિમાં થાય છે. જ્યારે લેખન ક્ષેત્રે પૂ. માની કલમ જે છેલ્લા એક વર્ષથી લગભગ બંધ જેવી હતી, તે ચાલુ થઇ જાય છે. પૂ. માને નવાં નવાં પદો સ્ફુરે છે ને નવી પ. પૂ. શ્રીમદ્ રાજચંદ્ર પરની કાવ્ય રચનાઓ લખાવા માંડે છે.

અહીં આવ્યા કેડે તુરતજ ખબર પડે છે કે અમેરિકા ખાતેનો શ્રી રામકબીર ભકત સમાજ પૂ. માનું સન્માન કરવા વિચારે છે. અમેરિકા ખાતે ભકત સમાજ તરફથી આવું સન્માન પામનાર પૂ. માશ્રી સર્વેશ્વરી પ્રથમ વ્યકિત છે. પૂ. માના પ્રશંસક ને કપૂરાના વતની શ્રી ઇશ્વરભાઈ ભકતની એવી ભાવના હતી કે પૂ. માનું આવું સન્માન અહીંની ધરતી ઉપર થાય. પ. પૂ. ગુરુદેવ શ્રી આમ આડકતરી રીતે પૂ. માનું સન્માન થાય એવી ભૂમિકા ઊભી કરીને જાણે કે શ્રી ઇશ્વરભાઇ ભકતની ભાવના પૂરી કરે છે. એક દિવસ તેઓનો જ્યારે ફોન આવે છે ત્યારે તેઓને આ હકીકત જાણી બહુ આનંદ થાય છે. પૂ. માના પરિવારના સભ્યોને પણ આ વિરલ સન્માનથી ગૌરવ ને આનંદ થાય એ સ્વા-ભાવિક છે. (સન્માન સમારંભનો ટૂંકો અહેવાલ ને સન્માન-પત્ર આ અંકમાં અલગ છાપવામાં આવ્યાં છે.) એક સ્ત્રી સંતનું આ રીતે સન્માન કરીને ભકત સમાજે આગવી સૂઝ ને ગુણગ્રાહીપણાનું દર્શન કરાવ્યું છે. ભકત સમાજના સર્વે કાર્યકર ભાઇબહેનો એ બદલ અભિનંદનના અધિકારી છે. ખાસ કરી શ્રી છગનભાઇ ભકત, શ્રી વલ્લભભાઈ ભકત ને શ્રી મહેન્દ્રભાઇ ભકત વગેરે.

અમેરિકામાં વસતા કબીર સંપ્રદાયના લોકો દર વર્ષે કબીર જયંતી ઊજવે છે. આ ઊજવણી કાર્યક્રમમાં કેવળ સંત કબીરજી ને અન્ય સંત કવિઓનાં ભજનોનો જ સમાવેશ થતો. આ વર્ષે શ્રી કબીર જયંતી ઊજવણી સમિતિ પણ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની લોસ એન્જેલેસમાંની ઉપસ્થિતિનો લાભ ઉઠાવવા, તેઓને આ સમારંભમાં પ્રમુખ વકતા તરીકે આમંત્રે છે. કેવું કહેવાય! એમ કરીને એમણે વર્ષોથી ચાલી આવતી કેવળ ભજનગાનની પદ્ધતિને તિલાંજલિ આપી પૂ. માને જ મુખ્ય વકતા તરીકે આમંત્રી તેઓનું ભારે બહુમાન કર્યું લેખાય.

પૂ. માએ સંત કબીરજી ઉપર સુંદર કાવ્ય રચના અહીં આવ્યા કેડે કરી છે, તેને સમારંભમાં સ્વકંઠે ગાઈને રજૂ કરે છે, શ્રોતાઓ માટે આ એક નવી વાત છે, છતાં તેઓ તેનું ગાન માણીને પ્રસન્નતા અનુભવતા દેખાય છે.

આ રચનામાં પૂ. માએ સંત કબીરજીના જીવનના અગત્યના ને બોધદાયક પ્રસંગોની પસંદગી કરી એમને કાવ્યાત્મક અક્ષરદેહ આપ્યો છે.

પરદેશની ભૂમિ ઉપર પણ પ. પૂ. શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. મા પ્રત્યે અનન્ય શ્રદ્ધા ભક્તિ ધરાવતાં શ્રી ભગવાનજી-ભાઈ ને શ્રી કંચનબેન ઉપરાંત શ્રી ધીરૂભાઈ દેસાઇ ને તેમના પત્ની શ્રી મણિબેન ભક્ત, શ્રી ગુલાબબેન તેમજ ભાઇશ્રી સુરેશ ને તેની બેન ભાવના, તથા ઈશ્વરભાઇ ભક્તનાં સંતાનો, શ્રી રાજુભાઇ ભક્ત, શ્રી હીરાભાઇ પટેલ અને તેમના ધર્મ-પત્ની વગેરેનો અંગત પરિચય થતાં અમને ખૂબ આનંદ થાય છે. પૂર્વના ઉત્તમ સંસ્કારો સિવાય એમનામાં પૂ. ગુરુ-દેવશ્રી ને પૂ. મા પ્રત્યે આવો પ્રેમ, શ્રદ્ધા કે સેવાભાવ ન જન્મી શકે. કેટલાંય અન્ય ભાઇબહેનોનો અમારા પ્રત્યેનો ભાવ પણ અમારા હૃદયમાં કાયમનું ઘર કરી ગયો છે. જીવનનું સંભારણું બની ગયો છે. (ક્રમશઃ)



# સહજતા પ્રાપ્ત કરવાનો માર્ગ

શ્રી મણિલાલ દવે

અહંકારની બીજી મૂર્ખામીભરેલી ચેષ્ટા–અસહજતા છે, -જે અનંત સાથે ઘર્ષણમાં રહી દુઃખી થાય છે ને દુઃખી કરાવે છે. પરીધિ ગતિશીલ હોવાથી આપણે સંસારને હંમેશાં સરતો અનુભવીએ છીએ, છતાં અહંકાર પોતે તેમાં પણ બધુ કાયમ રહેવાનું છે તેવાં ઊંઠાં ભણાવી આપણી પાસે આખી જિંદગી એવી રીતે મજૂરી કરાવે છે કે જો સમાજ પણ આપણા જેવો જ ન હોય તો, આપણે આપણી મજૂરીની વ્યર્થતા ઉપર હસીએ. માણસને સમજપૂર્વક જીવવામાં પણ અહંકાર બાધા ઊભી કરે છે. લગભગ બધાને બેહોશ સ્થિતિ-માં જ જીવન પૂરું કરાવે છે. આ માનવની લાચારીની કેવી ક્ષુદ્ર દશા છે! સાચા અર્થમાં પરમ તત્ત્વ સાથે જે એક થવા સર્જાયો છે, તેને જો અહંકારના આ ખેલ સમજવામાં આવે તો પછી અહંકાર સંઘર્ષ કરવાનું છોડી, સહકાર આપવા લાગે છે.

સર્જનમાં કશું નાશ પામતું નથી, પણ માનવજીવનમાં જે ગેરવ્યવસ્થા અહંને કારણે પેદા થઈ છે–તે પોતાનું પ્રમાણ ચૂકયાનું કારણ છે. સત્ય પ્રાપ્ત થવાથી જીવનમાં ફરી પાછો સંવાદ સ્થપાય છે; અને મન તેની મર્યાદાની ફરજો પછી ડહાપણભરી રીતે બજાવતું થાય છે. સહજતામાં જ્ઞાન, સંવાદ, શાણપણ, શાંતિ વગેરે નીપજે છે, અગર તો સ્વભાવના આ ગુણો મનનું આવરણ ખસતાં ખૂલ્લાં થાય છે.

ચેતનાની પ્લેટ પર ઝીલાયેલાં દૃશ્યો સ્મૃતિના ભાગરૂપ બની રહે છે. આ સ્મૃતિ મનમાં હોવાનો આપણને ભ્રમ

હોય છે. પણ વાસ્તવિકતા જુદી હોય છે. આપણે આગગાડીમાં મુસાફરી કરતાં હોઇએ છીએ ત્યારે ગાડી ગતિ કરતી હોય છે પરંતુ તમે જોતા હશોકે દૂરના ઝાડ પણ ગાડી સાથે ચાલતાં માલૂમ પડે છે. સ્મૃતિ તરફ લક્ષ માંડવાનું થાય છે ત્યારે શું થાય છે? અહર્નીશ વ્યાપારમાં રોકાયેલું મન લક્ષ વખતે થોડો વખત અટકી જાય છે. એટલે વિચારોનું સાતત્ય તૂટતાં ચેતનાને આવરતો મનનો પડદો થોડી ક્ષણો માટે ચીરાય છે. તેમાં ચેતના ઉપર ઝીલાયેલાં બધા દશ્યોમાંથી જે જોવાની ઈચ્છા થઇ હોય છે તે છતું થાય છે. ક્ષણમાં તમને લાગે છે કે તમે બાલ્યાવસ્થાનો કોઇક પ્રસંગ જોઈ રહ્યા છો અગર ક્ષણમાં તમે હજારો માઇલની મુસાફરી કરી લંડન પહોંચી ગયા છો. આમાં કોઈ ગતિ કરવાની હોતી નથી પણ મન તેના સાતત્યથી પડદો કરવાનું કામ લક્ષ્ય વખતે ફરજિયાત બંધ પડતાં, આવરણમાંથી જે જોવું હોય તે દેખાય છે. દશ્યો અકબંધ હોય છે. ફક્ત પડદો ઊંચકાય છે અને આપણને મન ગતિ કરતું લાગે છે. મન ગતિ નહીં પણ આવરણ કરવાનું કામ કરે છે. વિચારોની ગતિથી જે સાતત્ય સરજાય તેને મન કહેવામાં આવે છે. જેમ વૃક્ષોના સાતત્યથી બનેલાને જંગલ કહેવાય છે પણ મન અને જંગલનું અસ્તિત્વ હોતું નથી. અસ્તિત્વ વિચારો અને વૃક્ષોનું હોય છે. મન જથ્થાવાચક છે એટલે શાસ્ત્રકારોએ મનનો ભાવ ટાળવા અથવા અમન દશા પ્રાપ્ત કરવા, કેન્દ્ર તરફ એટલે આત્માનું અનુસંધાન કરવાનું સૂચવ્યું છે. જે નકારાત્મક છે તે પડછાયારૂપ છે. તેને દૂર કરવા તમે મહેનત કરો તો તમે તેને બિનજરૂરી અગત્ય આપી કાયમ કરો છો. પરંતુ આત્મા કે જેનો તે પડછાયો છે તેનું અનુસંધાન કરતાં તે ઉપેક્ષાવૃત્તિનો શિકાર બની જાય છે. સ્વરૂપાનુસંધાન બેવડો



ફાયદો કરે છે. તમને સ્વરૂપનો આનંદ આવવા માંડે છે અને વિચારોનું સાતત્ય તૂટે છે. મન મરીચી સાથે સીધો વ્યવહાર કરતાં અનેક સાધકો થાકી ગયા છે. જ્યારે સાચી દિશાની સાધના તેને નરમ પાડે છે.

મનુષ્યે જીવન બહારની ( Outer Space ) સમસ્યા ઉકેલવામાં કુશળતા મેળવી છે, પરંતુ આંતરિક જીવન કે જ્યાં તેનું કેન્દ્ર છે તેના તરફ તે સભાનતાપૂર્વક જીવતો નથી. તેથી જીવનની બધી વ્યર્થ મજૂરી દુનિયામાંથી વિદાય લે છે.

આજુબાજુ કુદરતમાં જે ચાલી રહ્યુ છે તેના તરફ લક્ષ માંડીએ તો જણાશે કે સૃષ્ટિનું સંચાલન, એટલે ગ્રહો, નક્ષત્રો, વનસ્પતિ અને પ્રાણી માત્રનું સંચાલન, એક પરમ સત્તા કરી રહી છે. અને તેમાં કોઇ ફરિયાદ અગર ઘર્ષણ જોવામાં આવતુ નથી. ફક્ત મનુષ્યે તેને આપેલી માનસિક સ્વતંત્રતાનો દૂર ઉપયોગ કરી તણાવ વહોરી લીધો છે. પ્રકૃતિમાં બધું યથાકાળે વ્યવસ્થિત રીતે ઘટિત થતું જોવામાં આવે છે. દિવસ ઊગે છે, ઋતુઓ નિયમિત બદલાય છે. તો મનુષ્યે પોતાને કેમ અપવાદ માની લીધો હશે? તેનામાં પણ કુદરત યથા સમયે ઘટિત કરતી હોય છે. બાલ્યાવસ્થામાંથી યુવાવસ્થા, અને પછી વૃદ્ધાવસ્થા ઘટિત થતી જ હોય છે. આ અફર નિયમ મનુષ્ય જાણતો હોવા છતાં તેમાં પોતે ફેરફાર લાવી શકશે તેવી આકાંક્ષામાં જ તૃષ્ણાનો જન્મ થાય છે. અહીં કુદરતના–હેપનિંગ–વિરુદ્ધ તે તૃષ્ણાને કારણે ડુઇંગનો મોરચો માંડે છે અને આખી જિંદગી પરમ સત્તા સાથે ઘર્ષણમાં રહી દુઃખ વહોરી લે છે. હવે જો સાદી સમજણથી વનસ્પતિની માફક પોતે કુદરતને અનુકૂળ વર્તી–હેપનિંગ સાથે સાથે પોતાના ડુઇંગને સંવાદમાં લાવે તો કુદરત તેને સહ-

જતામાં જ લઇ જતી હોય છે. કામના અગર પસંદગી માનવમાં અહંકારની હાજરી સૂચવે છે. તે હંમેશા મૂર્ખાઇ ભરેલું કામ કરતો હોય છે. દા. ત. પ્રવાહની વિરુદ્ધ પડી દુ:ખ વહોરવું, સામાન્યમાં ખપી ન જવાય તે માટે પૈસો, સત્તા અને મોભા માટે જીવન વેડફી મારે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ જાહેરાતની અપેક્ષા રાખે છે. ટૂંકમાં હોશ વિનાના મનુષ્યો પાસે મૂર્ખાઇ ભરેલી મજૂરી કરાવે છે. સમાજ આખો બેહોશીમાં જીવતો હોવાથી આવું મુર્ખત્વ પ્રાપ્ત થયું છે.

જો માણસ જાગૃતિથી જુએ અને જીવે તો પરમ સત્તાનો સહકાર કેટલો સંવાદમય હોય છે તેનું તેને દર્શન થાય. આપણે બીજાને જોઇને જીવતા હોઇએ છીએ, તેથી તૂલના અને હરીફાઇ સર્જાય છે. આથી માનવ જીવનમાં તનાવ પેદા થાય છે. ને આપણે સહજતાથી દૂર ને દૂર જતા જઈએ છીએ. સહજતા ભૂલાઇ ગઇ છે કારણ કે તેને આપણે નમાલા-પણું અને તણાવને પરાક્રમ અને પુરુષાર્થનું નામ આપીએ છીએ. ખરો પુરુષાર્થ તો અંદર કેન્દ્રમાં બેઠેલા પુરુષનો સંપર્ક સાધવાનો છે. પરંતુ સહજતા વિના તે શકય નથી. એટલે જેણે સહજતા સાધી તેણે પરમ સત્ય સાધ્યું. આ ડુઇંગનો માર્ગ નથી. અને જો તમે જીવનના પ્રવાહ સાથે જીવો તો જીવન જ સાધના બની પરમ સત્ય સાથે અદ્વૈત કરાવે છે, કશી આગવી સાધના કરવાની રહેતી નથી. પરમ સત્તાનો વિયોગ પાડનાર અહં અગર મન સહજતામાં ટકી શકતાં નથી. કારણ કે તેમાં કાંઇ કરવાનો ખોરાક ન મળતાં પોતે જ વિદાય લે છે. સહજતામાં જે માનસિક સ્થિતિ હોય છે તે અમનની, ધ્યાનની સમાધિની જ હોય છે. સંત કબીર તેથી જ કહે છે કે સાધો સહજ સમાધિ ભલી!



સહજતા તે જ સમાધિ છે. તેને માટે સ્વતંત્ર પ્રયત્ન કરવાથી બનાવટી સમાધિ આવશે જે ચડઉતરની અવસ્થા હશે. પણ સહજતાની, હોશની સમાધિ ચઢ્યા પછી ઊતરતી નથી.

આપણે હાલમાં જે જીવન જીવીએ છીએ તે પરપ્રકાશિત અહંકારનું જીવન છે. મનનો દેવતા ચંદ્ર પણ પરપ્રકાશિત છે. એટલે આપણું જીવન પ્રતિબિંબનું જીવન છે. આ દેહમાં બિંબ અને પ્રતિબિંબ સાથે જ રહેલાં છે. બિંબ કેન્દ્રમાં સાક્ષીભાવે રહેલું છે. તે આપણું અસલ સ્વરૂપ છે. પરંતુ અજ્ઞાન અગર માયામાં પડેલા આપણે તેના આભાસરૂપ બની ગયા છીએ. આ પ્રતિબિંબની હાલત અનેક કામનાઓથી ડહોળાયેલા જળ જેવી છે તેથી બિંબ સાથે પ્રતિબિંબનું ફોકસ મળતું નથી. આપણું મૂળ સ્વરૂપ આપણી સાથે જીવતું હોવા છતાં આપણને તેનું ભાન નથી. છતાં ઊંડાણમાં આપણે તેનું સુખ ચાખેલું હોવાથી પરિધિના ક્ષણિક સુખોથી આપણને સંતોષ થતો નથી. તેથી અખંડ સુખની ઝંખના આપણી સાધનાનો હેતુ બનેલો છે. પરંતુ ડહોળાયેલા પ્રતિબિંબને બિંબનું ભાન થવા માટે શું કરવું જોઇએ ? કોઈ સાધનાની પ્રક્રિયા, નામ, સ્મરણ પ્રાર્થના, ઉપાસના, ભક્તિ ધ્યાન વગેરે કાંઇક કરવાની એટલે ડુઇંગની ક્રિયા પ્રતિબિંબમાં કંપ પેદા કર્યા કરે છે. ત્યારે આપણે શું કરવું જોઇએ ? પ્રતિબિંબમાંથી આપણી તાદાત્મ્ય થયેલી જાતને ઊંચકી લેવી જોઈએ. તો શું થશે ? ડુઇંગના કંપ બંધ પડતાં પ્રતિબિંબ સ્થિર થઈ બિંબરૂપી અસલ સ્વરૂપને જોશે. આમાં પણ આપણે સહજતાનો માર્ગ સ્વીકારી અદ્વૈત સાધ્યું.

બુદ્ધના જીવનનો એક પ્રસંગ છે. તે એક ગામથી બીજે ગામ ગાડીમાં બેસીને જતા હતા સાથે તેમનો શિષ્ય આનંદ

પણ હતો. ગાડી એક વહેળા ઉપરથી પસાર થતાં વહેળાનું પાણી ડહોળાયું તેથી પાણીમાં માટી–કચરો ઉપર તરી આવ્યાં. બુદ્ધને તરસ લાગી હતી એટલે થોડે દૂર આગળ ચાલ્યા પછી કહ્યું કે, 'આનંદ, તુ પાછો જા અને પેલા વહેળાનું પાણી લઈ આવ મારે પીવું છે.' આનંદ જાણતો હતો કે પાણી ડહોળાયેલું હોવાથી પીવા લાયક નથી. છતાં ગુરુ આજ્ઞા એટલે ગયો પરંતુ પાછો આવ્યો અને કહ્યું કોઇ બીજે સ્થળેથી પાણી લઈ આવું? પરંતુ ભગવાન બુદ્ધે કહ્યું. 'ના ફરીથી જા અને તે વહેળાનું જ પાણી લાવ.' બીજી વખત આનંદ ત્યાં ગયો ત્યારે ખરેખર પાણી સ્વચ્છ હતું. આનંદ હર્ષાવેશમાં આવી, પાણી ભરીને ભગવાન પાસે આવ્યો અને પૂછ્યું આ તમે કઈ રીતે જાણ્યું કે હું ફરી-વાર જઇશ ત્યારે પાણી સ્વચ્છ હશે? તે વખતે ભગવાન કહે પાણીનો સ્વભાવ છે કે જો તેને એમ ને એમ રહેવા દેવામાં આવે તો કચરો પોતાની મેળે નીચે બેસે અગર વહેતા પાણીમાં તણાઇ જાય. આપણી ચેતનામાં પણ અનેક જન્મોથી સેવાતી વાસનાઓ ભળેલી હોવાથી તેને સહજતાથી, (દ્રષ્ટા-ભાવથી) રહેવા દેવામાં આવે તો ચેતના ચોખ્ખી થઈ તેમાં સ્વરૂપ દર્શન થાય. વેદાન્તની સાધના એટલા માટે પ્રક્રિયાને સ્વીકારતી નથી. પ્રક્રિયા ચિત્તશુદ્ધિ પૂરતી જરૂરી છે પણ સ્વરૂપ દર્શન માટે તો પ્રતિબિંબ ઉપરથી નજર ઉઠાવી બિંબ ઉપર માંડવાથી મનમાં આંદોલન–રિફ્લેક્સ–પોતાની મેળે બંધ પડી સ્વરૂપ દર્શન થાય છે.

ચેતના–ડુઇંગથી સ્થૂળ થતી થતી ઠેઠ દેહ બની છે. આ બધો ડુઇંગનો વિસ્તાર અને આડપેદાશો છે. શરીર પછી શરીરની જરૂરિયાત, પછી વિલાસનાં સાધનો વગેરે પરંપરા ચેતનાનાં અધોગામી વલણો લાધે છે. ચેતના અતિસૂક્ષ્મ



હોવાથી તે ગમે ત્યાં ફેલાઇ શકે છે. તેવી જ રીતે તેને જ્યારે સ્થૂળના સંગમાં, મન અને અહંકારે ઊભી કરેલી ઉપાધિથી દુઃખનું ભાન થાય છે ત્યારે, મનને સહારો આપતી ચેતના મનને છોડી દે છે. આ પણ તાદાત્મ્ય તોડવાની એક યુક્તિ પોતે સાક્ષીભાવમાં દૂર ખસી જવાની છે, તેથી મનનો વિલય પોષણના અભાવે થાય છે. આ પણ સહજતાથી કરવામાં આવે છે. કેન્દ્ર તરફ પાછા ખસતા જવું–પ્રોસેસ ઓફ ટ્રાન્સેન્ડન્સ–જેમાં ચેતના ઊતરી હોય તેમાંથી ઉપર ખસતાં છૂટેલી વસ્તુના સાક્ષી બનતાં છેવટે કાંઇ સાક્ષી બનવાનું ન રહેતાં સાક્ષીપણું કેન્દ્રમાં સમાય જાય છે.

દેહ સુધી ઊતરી આવેલી ચેતના પુનર્મિલન ઝંખતી હોય છે. તેથી શરીરના સ્તર ઉપર સંબંધ ખોળે છે. પોતાનાં સ્વજનનો સંબંધ જેને આપણે કોન્ટેક્ટ કહીએ છીએ તે સધાય છે. પણ તેમાં તેને ચેન પડતું નથી તેથી પોતાના અંગત મિત્ર તરીકે કોઇ પ્રેમપ્રાત્ર ખોળી તેની સાથે જોડાય છે. પણ શરીરના લેવલ ઉપર તો એકતા સંભવતી નથી. તેથી મનના લેવલ ઉપર વિચારોની એકતા સાધી તે એક વિચાર-વાળી વ્યક્તિ સાથે એકતા સાધવા પ્રયત્ન કરે છે તેથી–કોમ્યુનિકેશન–સધાય છે. છતાં એકતાનો સંતોષ મળતો નથી. ત્યારે તે પોતાના સ્વરૂપ સાથે એકતા સાધવા માટે આત્મા તરફ વળે છે. ત્યારે તે એકતાને કોમ્યુનિઅન કહેવાય છે. ત્યારે તેને આત્યંતિક શાંતિ મળે છે. (અપૂર્ણ)

# અસલિયત અને ઓપ

ભાઈલાલભાઈ છાટબાર

જીવનમાર્ગે કે રહેણાકી મકાનમાં મેળાપ કે મુલાકાત વખતે અસલી સાચા માણસને નહિ પણ સ્વાંગસજ્જ માણસને મળવાનું થાય છે, માણસની નકલિયત જોવા મળે છે. ખુદ માણસ પોતે પણ પોતાની અસલિયતને પિછાનતો નથી હોતો –તેનો પરિચય પામનારા પણ પિછાની શકતા નથી હોતા.

મકાનમાં અને જીવનમાર્ગે અલગ અલગ બેઠકખંડ અને નકલી જીવનખંડ જાણ્યે અજાણ્યે માણસ બનાવી લે છે અને ખંડજીવન જીવે છે. તેના પરિચિતોને પણ આ ખંડજીવન જોવા મળે છે.

શહેરમાં મકાનમાં પ્રવેશતાં જ બેઠકખંડ રાખેલ હોય છે. આવા બેઠકખંડને સહુ લોકો શણગારીને રાખે છે. મુર્છિત હસ્તીની આ બાંધી વાત છે.

બેઠકખંડની દુનિયા અલગ પ્રકારની છે. કોઇનો બેઠકખંડ જોઇને એવા નિર્ણય પર ના આવી શકાય કે–આ તેનું સાચું ઘર છે. અહીં બેઠકખંડમાં તો મુલાકાતીઓ મળે છે, મહેમાનોનો આદરસત્કાર થાય છે. અભ્યાગત કે અજાણ્યા લોકો આવી ચઢે છે. બેઠકખંડમાં માત્ર માણસનો બહારનો નકલી ચહેરો જોવા મળે છે.

અસલી ઘરને અને બેઠકખંડને કોઈ સંબંધ નથી. કોઇને બેઠકખંડમાં મળીને તે માણસના અસલી ઘરનો–તેની અસલિયતનો ખ્યાલ બાંધી લેવો તે અસ્થાને છે. બેઠકખંડ તે માણસનું ઘર હોતું જ નથી. બેઠકખંડમાં સહુને મળતો



માણસ સ્વાંગપરિધાન કરેલ વ્યક્તિ હોય છે–તેની અસલિયતનાં દર્શન નથી થતાં.

બેઠકખંડમાં નથી માણસ ભોજન લેતો કે નથી ત્યાં રાતે નિદ્રા લેતો. બેઠકખંડમાં તે વાસ્તવિક કૌટુમ્બિક જીવન જીવતો હોતો નથી. માણસ ખાય-પીયે, રીઝે–ખીજે, સ્નેહ-વાત્સલ્ય કરે. અને નિરાંતે ઘરનાં સહુની સાથે બેસી વાર્તા-વિનોદ કરે એવી મકાનની જગ્યા તેનું ઘર છે. અહીં માણસનો વાસ્તવિક ચહેરો દૃષ્ટિએ ચઢે છે–બેઠકખંડમાં તો માત્ર અસ્તિત્વની મૂર્છના હોય છે.

બેઠકખંડમાં માત્ર સ્વાંગ, કૃત્રિમ મહોરો, વેશભૂષા હોય છે–માણસની અસલિયતને ચઢાવેલો ઢોળ હોય છે. આ બાહ્ય ઓપ બીજાઓને દેખાડવા માટે આપવામાં આવ્યો હોય છે. તેથી બેઠકખંડની જિંદગી એ ખંડજીવન છે–ખરેખરી જિંદગી નથી.

મકાનમાં અલગ બેઠકખંડ કર્યા જેવું બીજું એક પગલું પણ માણસે પોતાની જિંદગીને ખંડજીવનમાં વહેંચીને લીધું છે. માણસ સ્વાંગ ધારણ કરીને ફરે છે અને ખંડજીવન જીવે છે. દુનિયાના લોકો આ સ્વાંગ વેશભૂષા જ જુએ છે–માણસની અસલી સાચી સૂરતમૂરત નહિ.

આ બાહ્ય કૃત્રિમ સ્વાંગ અન્યને દેખાડવા માટે છે–આ માણસની ભીતરી અસલ પ્રતિમા નથી હોતી.

માણસનું અસલી ઘર ભીતરી અસ્તિત્વમાં છે–બાહ્ય પ્રકાશથી વંચિત અચેતનમાં દબાઇને પડેલું. માણસ સ્વયં તે ભીતરી અસલી ઘરની સાચી ઓળખથી દૂર રહે છે અને તેનો તેને ખુદને કશો પત્તો હોતો નથી.

માણસે અસ્તિત્વ–જિંદગીરૂપી અસલી ઘરમાં રહેવાને

બદલે એક બાહ્ય અલગ જીવનખંડ બનાવી દીધો છે અને તેમાં સુખચેનથી રહેવા-જીવવાની ભ્રાન્તિ સેવે છે. આ સ્વાંગ તેને એટલી હદ સુધી સદી ગયો છે કે તે સ્વાંગની ભ્રામક જાળ તેને પોતાની સાચી હસ્તી લાગે છે. તે ભીતરી ઘરમાં જતાં ગભરાતો રહે છે. આવો માણસ અસ્તિત્વના વિસ્તારને પામતો નથી. તેનું અસ્તિત્વ છીછરું અને સંકુચિત બની રહે છે. તેનો ચેતનાસ્તર ઘટ્ટ અને ઘટાદાર બનતો નથી.

માણસ આવો સ્વાંગ સજીને ફરે છે. આમ કરવામાં તેણે અસ્તિત્વને બિનજરૂરી નિગ્રહથી અને અકારણ દમનથી રુંધ્યું હોય છે. આમ થવાથી માણસના અસ્તિત્વનો માત્ર દસ ટકા પ્રતિશત હિસ્સો પ્રગટ રૂપે ધબકાર લે છે અને નેવું પ્રતિશત હિસ્સો દબાઇને અદૃશ્ય રહે છે.

અંદર પૂરાઇને બચત પડેલી નેવું પ્રતિશત ઊર્જા દિનરાત ભીતરના બંધ કમાડ ખખડાવીને બહાર આવવા મથે છે અને કરગરતી રહે છે કે-મને જીવવાની તક આપો. અંદર અંધકારમાં ધકેલાઇ જઇને ગોંધાઇ રહેલી અસ્તિત્વ-ઊર્જા સંઘર્ષ કરે છે; પરંતુ માણસ, બંધિયાર અવસ્થામાં તે ઊર્જાના જળાશય પ્રવાહને રુંધીને, તેને નિરર્થક વેડફાઈ જવા દે છે.

ભીતરથી પ્રગટ થવા મથતી આ જીવન-ઊર્જાને માણસ રોજે રોજ પાછી હડસેલી મૂકતો રહે છે અને તેની અભિવ્યકિતને અવકાશ દેતો નથી. માણસની સારીય જિંદગી આવા સંઘર્ષમાં વ્યતીત થઈ જાય છે : તે સતત્ ઊર્જાને પાછી ધકેલતો રહે છે. આમ ભીતરના પ્રચંડ ઊર્જાપ્રવાહને રોકતો રોકતો અને ખુદની સાથે લડતો લડતો ખંડજીવન જીવતો માણસ હારી જાય છે અને તેની જિંદગી ખતમ થઇ જાય છે.

દુનિયાદારીમાં પડેલો માણસ ભયભીત રહે છે. ચોતરફ



ઘેરીને પડેલા સમાજ વચ્ચે ચીલો છાતરશે તો પોતે ફેંકાઈ જશે તેવા ભયમાં માણસ જીવે છે. આવો ભયગ્રસ્ત માણસ કમનસીબે અન્યોએ ઊભા કરેલા માપદંડ પ્રમાણેના ચોગઠામાં પોતાની રોજિંદી જિંદગી ગોઠવી દે છે. આમ માણસ સમાજ-નિર્ધારિત ચોગઠાના સીમાબંધનમાં જીવવામાં જરૂરી દશ પ્રતિશત ઊર્જા ખર્ચીને મનોમન આત્મતૃપ્તિ અનુભવે છે અને જિંદગીના દહાડા યંત્રવત્ પૂરા કરે છે. શત પ્રતિશત પ્રગટ ઊર્જા એ અખંડ-આનંદ ( Bliss ) છે.

આવા દુનિયાદારીમાં પડેલા ભયગ્રસ્ત માણસના વિચાર, વાણી અને વ્યવહાર તમામ કારાવાસનું બંધન ભોગવે છે. મુક્તિની હવા તેને માટે વર્જ્ય બની રહે છે. તે બીબાઢાળ એકસરખી ઘરેડવાળી નકલિયા જિંદગી યંત્રવત્ જીવ્યે જતો હોય છે.

આવી નકલિયા જિંદગી પાછળ કારણ છે. માણસ ભીતરની સાચી પ્રતિમા સાક્ષાત્ થાય તો તેની સામે ઊભો રહેતાં ડરથી કંપી ઊઠે છે. જિંદગીની અસલિયતને બદલે તે ઢોળ ચઢાવેલી નકલી જિંદગી પસંદ કરે છે.

સારીય રહેણાકી ઈમારતના તમામે તમામ ખંડને બેઠકખંડ બનાવી શકે અને મકાનને કોઈપણ દ્વારેથી પ્રવેશનાર આગંતુકનું સ્વાગત કરી શકે તેવો માણસ અખંડ જીવનને-અસ્તિત્વની સમગ્રતાને પામ્યો છે એમ કહી શકાય.

આગંતુક મકાનમાં ગમે ત્યાંથી પ્રવેશ કરે તો આવો સમગ્રતાપ્રાપ્ત માણસ કહે કે—' સુસ્વાગતમ્ '. આવા માણસને અલગ બેઠકખંડ કે કૃત્રિમ જીવનખંડ જેવું કશું હોતું નથી. તેની જિંદગી આરપાર જોઈ શકાય તેવી ખુલ્લી અને બીલોરી કાચ જેવી નિર્મળ હોય છે.

આવો માણસ નિજી હસ્તીની ઓળખ પામ્યો હોય છે. તેને સ્વાંગની જરૂર હોતી નથી. તેના દરેક વ્યવહારમાં જાગરુકતા હોય છે. તે સજાગપણે પોતાના શક્તિસંપદા કેન્દ્રોનું સંતુલન જાળવી રાખે છે-તેના એકત્વ અને એકસૂત્રતા પ્રત્યે તે જાગરુક બની રહે છે. અનિયંત્રિત ચાલતાં શક્તિ-સંપદા કેન્દ્રોની વેડફાતી ઊર્જાને તેણે બચાવીને કેન્દ્રિત-સંગ્રહિત કરીને સાચે માર્ગે વાળી હોય છે. અખંડ જીવનની ચાવી તેણે હસ્તગત કરી લીધી હોય છે.

### * લવાજમ અંગે *

'અધ્યાત્મ'નું નવમું વર્ષ સપ્ટેમ્બર ૧૯૮૮માં પુરું થાય છે. એટલે જે ગ્રાહક ભાઇઓ વાર્ષિક લવાજમ ભરે છે, ને જેઓ ઓક્ટો. '૮૭થી ગ્રાહક થયા છે, તેઓને પોતાનું લવાજમ સપ્ટે. ૮૮ના અંત સુધીમાં નીચેના સરનામે M.O.થી મોકલાવી આપવા વિનંતી છે. ચેક સ્વીકારવામાં આવતા નથી, તેની નોંધ લેવી.

નારાયણ હ. જાની, તંત્રી, અધ્યાત્મ,
પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર,
ભાવનગર-૩૬૪ ૦૦૧.

આ ઉપરાંત, દરેક કેન્દ્રોના ભાઇઓને વિનંતી છે કે તેઓએ નોંધેલ વાર્ષિક ગ્રાહકોનાં લવાજમ રિન્યૂ કરવાની પ્રવૃત્તિ તરતજ આરંભવી. તેઓને ગ્રાહકો નોંધવા રસીદ બુકની જરૂરત હોય તો તંત્રીના સરનામે તુરત લખી જણાવે, જેથી તેઓને તે મોકલાવવાની વ્યવસ્થા થશે.



## રામકથા

( ગતાંકથી ચાલુ )

શ્રી યોગેશ્વરજી

( શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા )

તપસ્વિની:-

ઊર્મિલાએ લક્ષ્મણને એક વાર ફરી મળી લીધું, રામને પણ વિનવી લીધું, ને સીતાના અંતરને પણ સ્નેહવચનો કહીને શીતળ ને સ્નેહમય કરી દીધું.

ચિત્રકૂટના ચિત્તાકર્ષક સ્થાનને છોડીને આગળ વધવાનું મન તો થતું ન હતું પરંતુ બીજો કોઈ ઉપાય ન હોવાથી સૌ આગળ વધ્યાં.

રામ, લક્ષ્મણ ને સીતાએ મહર્ષિ વસિષ્ઠને અને માતાઓને પ્રણામ કર્યાં.

રામ અને લક્ષ્મણે ભરતને ભેટીને પોતાનો પ્રેમ પ્રકટ કર્યો.

નિષાધરાજે રામ, લક્ષ્મણ ને સીતાના શુભાશિષની યાચના કરી અને પછી સૌ અનુરાગ ભરેલી, અશ્રુ છલકતી, આંખે આગળ વધ્યા.

મંદાકિની નદીના તટપ્રદેશ સુધી ઉર્મિલા, ભરત ને શત્રુઘ્નને રામ, લક્ષ્મણ ને સીતા વળાવવા આવ્યાં. કામતગિરિનાં ઉત્તુંગ સુભગ શિખરોની શોભાનું પાન કરતા સૌ ચાલવા માંડ્યા ત્યારે ભરતનું હૈયું ભરાઈ આવ્યું.

એણે ઉર્મિલાને કહ્યું: 'મનમાં મોટામોટા મનોરથ લઈને મંદાકિનીના તટપર આવેલો પરંતુ એ મનોરથ સફળ ના થયા. એટલો સંતોષ છે કે રામને મળી શક્યો ને મારી સ્થિતિ સ્પષ્ટ કરી શક્યો. રામ જો મારી પ્રાર્થના સ્વીકારીને આપણી સાથે પાછા ફર્યા હોત તો કેટલો બધો આનંદ થાત! પરંતુ મારે હજુ તપવાનું બાકી છે. વિધિના એ અનુગ્રહને હજુ વાર છે. ત્યાં સુધી તમારી જેમ

હું પણ તપતો રહીશ.'

ઊર્મિલાએ કહ્યું: 'આપણા ભાગ્યમાં તપવાનું જ શેષ રહ્યું છે તો આપણે ધીરજ, હિંમત ને શાંતિપૂર્વક તપી લઈએ. બીજું શું થાય? જગતમાં જે થાય છે તે બધું માનવની વ્યક્તિગત ઇચ્છા પ્રમાણે નથી થતું.'

'સાચું છે. નહિ તો રામને લીધા વિના હું પાછો ના ફરત. વનમાં રામની સાથે રહેવાની મારી ઇચ્છા પણ અધૂરી રહી માતા કૈકેયીને અત્યારે જેવી સુબુદ્ધિ સૂઝી છે તેવી સુબુદ્ધિ પહેલેથી જ સૂઝી હોત તો કોઈ જાતની ચિંતા જ ના રહેત. પરંતુ એ વખતે તો એની બુદ્ધિની આગળ અનર્થકારક આવરણ ફરી વળ્યું. એને લીધે એની આંખ અંધ બની ગઈ.'

'વિધાતાની યોજનામાં વ્યકિત તો માત્ર નિમિત્ત બને છે, એટલે એને દોષ દેવો નકામો છે. જે થયું છે તે સારું નથી થયું એ સમજવા છતાં પણ મનને બને તેટલું શાંત રાખીને સહન કર્યા સિવાય હવે છૂટકો નથી.'

શૃંગવેરપુર પાસે છૂટા પડતી વખતે નિષાધરાજનો પ્રાણ વ્યાકુળ બની ગયો. એની વેદના વધી ગઈ.

એણે ભરત તથા ઊર્મિલાને કહેવા માંડ્યું. 'તમારા બંનેનાં ત્યાગ અને સ્નેહથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. રામ, સીતા ને લક્ષ્મણથી છૂટા પડતી વખતે જેવી વ્યથા થઇ હતી તેવી જ વ્યથા મને અત્યારે થઈ રહી છે. તમારું જીવન મારે માટે જ નહિ પરંતુ સમસ્ત સંસારને માટે આદર્શરૂપ સાબિત થયું છે. એ જીવન મને જીવનપર્યંત પ્રેરણા પાશે. એને હું નહિ ભૂલી શકું.'

એટલું કહેતાં તો એનો કંઠ રુંધાઇ ગયો. એની વાણી થંભી ગઇ.

ભરત, શત્રુઘ્ન અને ઊર્મિલા પણ એનાથી છૂટા પડતી વખતે સ્નેહના અતિરેકથી ગળગળાં થઈ ગયાં. (ક્રમશઃ)

## ※ સંતોનું શરણ ※

વિશ્વંભરનો વિચાર કરનારા અને તેની શોધખોળ કરનારાઓ પૈકી કેટલા તેનો પાર પામ્યા છે? વિશ્વંભર તો અણુની રેણુ જેવા સૂક્ષ્મ છે અને વળી તેમના સ્થૂલપણાંની પણ સીમા જ નથી. એટલા માટે શ્રુતિ તેમને વિષે 'નેતિ–નેતિ' એવા વચનનો પ્રયોગ કરે છે. અનંત બ્રહ્માંડો જેના ઉદરમાં સમાઈ જાય છે એવડું વિસ્તીર્ણ આકાશ તે પણ ઉમરડાના ફળમાં રહેતા નાનકડા જીવડાની માફક ભગવાનના સ્વરૂપની અંદર એવું સમાઈ જાય છે કે તેનો પત્તો જ લાગતો નથી. પહેલાં તો ઉમરડાના ઝાડના ઉપર કેટલા પાર વિનાનાં ફળ લાગે છે. અને એક જ ફળમાં પાર વિનાના કીડા હોય છે. એ જ પ્રમાણે અનંત ભગવાનના ઉદરમાં અનેકાનેક સૃષ્ટિઓ સમાઈ જાય છે. એવા અનેક બ્રહ્માંડોના સમુદાયને શ્રીકૃષ્ણે અર્જુનને પોતાના મુખની અંદર બતાવ્યો પણ હતો. તુકારામ કહે છે કે ગમે તેમ કરીને તમે સંતોનો છેડો ઝાલો. અર્થાત્ તેમને શરણે જઇને તેમની સંગતિમાં રહો. એવું ન કરતાં જો તમે તમારી આપ અક્કલથી ભગવત્ સ્વરૂપને ગ્રહણ કરવાની ચેષ્ટા કરવા જશો તો તમારો જીવ બચી શકવાનો નથી, અર્થાત્ તમારો વિનાશ થશે.

(આમાંથી બીજો અર્થ પણ નીકળે છે કે જો તમે સંતોનું શરણ લઇને તેમણે બતાવેલા માર્ગે ભગવત્ સ્વરૂપને જાણવાની ચેષ્ટા કરશો તો પણ તમારો જીવ બચી શકવાનો નથી. અર્થાત્ તમને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થશે એટલે તમારો જીવભાવ પણ ટળી જશે.

–સંત શ્રી તુકારામ

ADHYATMA Regd. No. GBV 113

# * શ્રેય અને પ્રેય *

શ્રેય એટલે આત્મ-કલ્યાણ ને પ્રેય એટલે વિશાળ અર્થમાં સંસારના પ્રિય લાગનાર પદાર્થો. જીવનમાં મનુષ્યની સામે એ બન્ને વસ્તુઓ આવીને ઊભી રહે છે. મતલબ કે એક તબક્કો તેના જીવનમાં એવો આવે છે કે જ્યારે તેણે આત્મ-કલ્યાણનો માર્ગ અથવા તો સંસારનો ભોગ કે સુખોપભોગનો માર્ગ એ બેમાંથી એકની પસંદગી કરવાની રહે છે. મોટે ભાગે માણસ સાંસારિક સુખની ઇચ્છા રાખે છે. સંસારના ભોગ્ય પદાર્થોમાં તેનું મન વધારે પ્રમાણમાં ડૂબેલું હોય છે. તેથી જીવનના દેખીતાં છતાં કામચલાઉ સુખ ને આનંદને માટે તે પ્રેયને પસંદ કરે છે, ને શ્રેયની સાધનાને છોડી દે છે. પરંતુ જે વિવેકી ને વિચારશીલ છે, તે તો સંસારના સુખોપભોગને ગૌણ ગણીને આત્મોન્નતિની સાધનાનો સ્વીકાર કરે છે. તે જાણે છે કે જીવનને સાચા અર્થમાં જીવન બનાવવા ને સુખી કરવા આત્મોન્નતિ અત્યંત આવશ્યક છે. તેથી કોઇ પણ કારણે ને કોઈ પણ સંજોગોમાં તે શ્રેય કે કલ્યાણની કેડીનો અનાદર નથી કરતો, એને વળગી રહે છે.

એનો અર્થ એવો નથી કે શ્રેય અને પ્રેય બે વિરોધી માર્ગ છે, ને એકને અપનાવનારે બીજાનો ત્યાગ કરવો જ જોઈએ. બન્ને માર્ગો તદ્દન વિરોધી નથી. બન્નેની જીવનમાં વત્તાઓછા અંશે જરૂર છે. એટલે બન્નેમાંથી એકે તરફ માણસે સૂગ કેળવાવની કે આંખમીંચામણાં કરવાની જરૂર નથી. માટે કોઇનોય અનાદર કર્યા વિના માણસે બન્ને માર્ગે આગળ વધવાનું છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧